dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-300 | AD-2026, Ashadh Vad -07 | Wednesday, Dt. 05-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ફિરોઝશાહ રોડ પર ધરણાં, દેશભરમાંથી એકત્ર થયેલી અરજીઓ વડાપ્રધાનને સોંપવાની કરી માંગ

# ઈ-૨૦ ફ્યુલના વિરોધમાં કેજરીવાલની પીએમ આવાસ તરફ કૂચ, પોલીસે રોક્યા

નવી દિલ્હી,તા.૦૪

નવી દિલ્હીમાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ઈ-૨૦ ફ્યુઅલ નીતિના વિરોધમાં વડાપ્રધાન આવાસ તરફ એક વિશાળ માર્ચનું આયોજન કરીને કેન્દ્ર સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. આ માર્ચ દરમિયાન આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને વિરોધ પ્રદર્શન કરી રહેલા નેતાઓને દિલ્હી પોલીસે સુરક્ષા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાના કારણોસર ફિરોઝશાહ રોડ પર જ રોકી દીધા હતા. આગળ વધવાની મંજૂરી ન મળવાને કારણે અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને જેસ્મિન શાહ સહિતના તમામ મુખ્ય નેતાઓ તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓ રસ્તા પર જ ધરણાં પર બેસી ગયા હતા. આ અણધાર્યા ઘટનાક્રમને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો અને ફિરોઝશાહ રોડ પર ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.આમ આદમી પાર્ટી દ્વારા ચલાવવામાં આવેલા વિરોધ પ્રદર્શનમાં પાર્ટીના અંદાજે ૧૦૦ જેટલા મુખ્ય નેતાઓ જોડાયા હતા. પાર્ટી તરફથી કરવામાં આવેલા દાવા મુજબ આ ઈ-૨૦ ફ્યુઅલ નીતિના વિરોધમાં દેશભરમાંથી જનજાગૃતિ અભિયાન ચલાવીને અંદાજે ૨.૩૦ લાખથી વધુ નાગરિકોની સહીઓ અને આવેદન પત્રો એકત્ર કરવામાં આવ્યા હતા. આમ આદમી



પાર્ટીનું આયોજન આ તમામ અરજીઓ અને સહીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રૂબરૂ મળીને સોંપવાનું હતું. વડાપ્રધાન કાર્યાલય સુધી પહોંચીને જનતાનો અવાજ સીધો વડાપ્રધાન સુધી પહોંચાડવાના હેતુથી જ આ માર્ચનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું.ધરણાં સ્થળ પરથી મીડિયા સાથે વાતચીત કરતી વખતે અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે ઈ-૨૦ ફ્યુઅલ નીતિને લઈને દેશના લાખો નાગરિકોમાં ભારે અસંતોષ અને ચિંતા વ્યાપેલી છે. બે લાખથી વધુ લોકોએ આ મુદ્દા અંગે વડાપ્રધાનને પોતાના પત્રો લખ્યા છે અને તેઓ આ પત્રો કોઈ અન્ય માધ્યમ કે ટપાલ દ્વારા નહીં પરંતુ રૂબરૂ મળીને જ સોંપવા માંગે છે.

આમ આદમી પાર્ટીનું માનવું છે કે ઈ-૨૦ ઈંધણના અમલથી દેશના કરોડો વાહનચાલકોને, ખાસ કરીને જૂના વાહનો ધરાવતા સામાન્ય અને મધ્યમ વર્ગીય પરિવારોને આર્થિક તથા ટેકનિકલ મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ નીતિની અસરો સામાન્ય લોકો પર ખૂબ જ ગંભીર પડી શકે તેમ હોવાથી સરકારે આ નિર્ણય પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.આમ આદમી પાર્ટીએ કેન્દ્ર સરકારને આ સમગ્ર ઈ-૨૦ ઈંધણ નીતિ પર તાત્કાલિક પુનર્વિચાર કરવાની અપીલ કરી છે. પોલીસ અને સ્થાનિક પ્રશાસન સાથે તણાવપૂર્ણ પરિસ્થિતિ હોવા છતાં, આપના નેતાઓ રસ્તા પર પોતાના ધરણાં પર અડગ રહ્યા હતા અને વડાપ્રધાન કાર્યાલય તરફથી સકારાત્મક પ્રતિસાદ મળે તેની રાહ જોતા રહ્યા હતા. અરવિંદ કેજરીવાલે આશા વ્યક્ત કરી હતી કે વડાપ્રધાન તેમની સાથે મુલાકાત કરીને દેશની જનતાની લાગણી અને સમસ્યાઓને ગંભીરતાથી સમજવાનો પ્રયાસ કરશે. આ સમગ્ર વિરોધ પ્રદર્શનના કારણે દિલ્હીના રાજકીય વાતાવરણમાં ભારે ઉત્તેજના અને ગરમાવો વ્યાપી ગયો હતો.

# પીએમ મોદીનો વીડિયો ડિલીટ કરવા બદલ ઝુકરબર્ગ માફી માંગે : સંસદીય સમિતિ

નવી દિલ્હી,તા.૦૪

કોમ્યુનિકેશન અને માહિતી પ્રૌદ્યોગિકી (IT) સંબંધિત સંસદીય સમિતિના અધ્યક્ષ નિશિકાંત દુબેએ મેટા સામે કડક વલણ અપનાવ્યું છે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વીડિયો ફેસબુક પરથી હટાવવાની ઘટનાને સમિતિએ ગંભીરતાથી લીધી છે. તેમના જણાવ્યા મુજબ, મેટાના મુખ્ય કાર્યકારી અધિકારી માર્ક ઝકરબર્ગે આ મામલે જાહેરમાં માફી માંગવી જોઈએ. નિશિકાંત દુબેએ વધુમાં જણાવ્યું કે જો મેટા તરફથી



માફી નહીં માંગવામાં આવે તો કંપનીને માહિતી પ્રૌદ્યોગિકી અધિનિયમની કલમ ૭૯ હેઠળ મળતું સેફ હાર્બર પ્રોટેક્શન પાછું ખેંચવા અંગે વિચારણા થઈ શકે છે. તેમણે આ પ્રકારની ડિજિટલ પ્લેટફોર્મની નીતિઓ પર પણ સવાલ ઉઠાવતા કહ્યું કે આવી કંપનીઓ ઘણી વખત નવા અથવા પસંદગીના કન્ટેન્ટને પ્રાથમિકતા આપતી હોવાનો આક્ષેપ થાય છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૩ જુલાઈના રોજ પેપર લીક જેવા ગંભીર મુદ્દે એક વીડિયો જાહેર કર્યો હતો. આ વીડિયો ફેસબુક પરથી રાત્રે અંદાજે ૧૨:૩૦ વાગ્યાથી સવારે ૫:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહ્યો નહોતો. ત્યારબાદ વીડિયો ફરીથી રિસ્ટોર કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે મેટાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે વીડિયો હટાવવાની ઘટના કોઈ નીતિગત નિર્ણય નહોતી, પરંતુ ટેકનિકલ ખામીના કારણે બની હતી. જોકે સંસદીય સમિતિએ આ જવાબથી સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો નથી અને જવાબદારી નક્કી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

# કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના વિસ્તરણ બાદ બે ધારાસભ્યએ રાજીનામા ધર્યા

બેંગલુરૂ,તા.૦૪

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના તાજેતરના મંત્રીમંડળ વિસ્તરણ બાદ પક્ષની અંદરનો આંતરિક વિખવાદ ખુલ્લેઆમ સામે આવ્યો છે. મંત્રીપદની આશા રાખી રહેલા અનેક ધારાસભ્યોને સ્થાન ન મળતાં નારાજગી વધી છે. બે ધારાસભ્યોએ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે, જ્યારે કેટલાક વરિષ્ઠ નેતાઓએ પણ હાઈકમાન્ડના નિર્ણય સામે અસંતોષ વ્યક્ત કર્યો છે. મંત્રીમંડળની યાદી



જાહેર કરવાની પ્રક્રિયા દરમિયાન પણ છેલ્લી ઘડીએ ફેરફારો કરવામાં આવ્યા હતા. પ્રથમ યાદીમાં ભટકલના ધારાસભ્ય મનકલ વૈદ્યનું નામ સામેલ હતું, પરંતુ અંતિમ ક્ષણે તેમના સ્થાને દાવણગેરેના ધારાસભ્ય એસ. એસ. મલ્લિકાર્જુનને મંત્રીપદ આપવામાં આવ્યું. ઉપરાંત એસ. એલ.સી. ગાયત્રી શાંતેગૌડાનું નામ પણ અંતિમ યાદીમાંથી હટાવી એક પદ ખાલી રાખવામાં આવ્યું. આ નિર્ણય અંગે કોંગ્રેસ તરફથી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી, જોકે પક્ષના આંતરિક દબાણને કારણ માનવામાં આવી રહ્યું છે. આ દરમિયાન ઈંડી બેઠકના ત્રણ વખતના ધારાસભ્ય યશવંતરાયગૌડા પાટીલે ડેપ્યુટી સ્પીકરને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. તેમણે કોંગ્રેસ સાથેના તમામ સંબંધો સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. નોંધનીય છે કે ઈંડી બેઠક પરથી અત્યાર સુધી કોઈપણ ધારાસભ્યને મંત્રીપદ મળ્યું નથી. મંત્રીમંડળ વિસ્તરણ બાદ ઊભી થયેલી નારાજગીએ કર્ણાટક કોંગ્રેસ માટે નવી રાજકીય મુશ્કેલીઓ ઊભી કરી છે.

# રામ મંદિર દાન મુદ્દે સંસદમાં ભારે હોબાળો, ૧૮ મિનિટમાં લોકસભા સ્થગિત

નવી દિલ્હી,તા.૦૪

સંસદના ચોમાસુ સત્રના ૧૨મા દિવસે રામ મંદિરના દાનમાં કથિત ગેરરીતિના મુદ્દે લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. સતત વિરોધ અને સૂત્રોચ્ચાર વચ્ચે લોકસભાની કાર્યવાહી માત્ર ૧૯ મિનિટ સુધી ચાલી શકી હતી. આ દરમિયાન નાણા મંત્રી નિર્મલા સીતારમણે ટેક્સ સુધારા સંબંધિત એક મહત્વનું બિલ રજૂ કર્યું હતું. ત્યારબાદ ગૃહની કાર્યવાહી બુધવાર સુધી



સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યસભામાં પણ દિવસ દરમિયાન બે વખત કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી. સવારે ૧૧ વાગ્યે શરૂ થયેલી કાર્યવાહી અડધા કલાકમાં જ સ્થગિત થઈ ગઈ હતી. ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે ગૃહ ફરી મળ્યું, પરંતુ ફરી હોબાળાના કારણે લગભગ ૨૦ મિનિટમાં કાર્યવાહી અટકાવી દેવામાં આવી હતી. બાદમાં બપોરે ૨ વાગ્યે કાર્યવાહી ફરી શરૂ કરવામાં આવી હતી. ચર્ચા દરમિયાન રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કેન્દ્ર સરકારે કરી હતી અને ટ્રસ્ટને ૭૦ એકરથી વધુ જમીન સોંપવામાં આવી હતી. વડાપ્રધાન પણ મંદિરના કાર્યક્રમોમાં હાજર રહ્યા છે, ત્યારે દાન સંબંધિત આક્ષેપોની તપાસ માટે **ED, CBI** અને અન્ય કેન્દ્રીય એજન્સીઓએ શું કાર્યવાહી કરી તે અંગે સરકારે સ્પષ્ટ જવાબ આપવો જોઈએ.

આ મુદ્દે સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ જવાબ આપતા કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે જે પક્ષો વર્ષો સુધી રામ મંદિરનો વિરોધ કરતા હતા તેઓ હવે રાજકીય લાભ લેવા માટે આ મુદ્દો ઉઠાવી રહ્યા છે. ભગવાન રામ અંગે કરેલા વલણ બદલ પહેલા દેશની માફી માંગવી જોઈએ, ત્યારબાદ સરકાર પાસે જવાબ માંગવો જોઈએ. સંસદમાં આ મુદ્દે રાજકીય માહોલ ગરમાયો હતો

# દેશભરના ફુટપાથોને દબાણ મુક્ત કરવા કેન્દ્રને સુપ્રીમ કોર્ટનો આદેશ


નવી દિલ્હી,તા.૦૪

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને દેશભરના મુખ્ય રસ્તાઓ અને ફૂટપાથ દબાણમુક્ત રાખવા આદેશ આપ્યો છે. કોર્ટે જણાવ્યું કે જ્યાં પણ રોડ હોય ત્યાં પગપાળા ચાલનારાઓ માટે અલગથી ચાલવાની જગ્યા હોવી જરૂરી છે. આ જગ્યાઓ પર કોઈપણ પ્રકારનું દબાણ ન થાય તેની જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે. કોર્ટે કહ્યું કે મોટા ખર્ચ વગર પણ આ વ્યવસ્થા અમલમાં મૂકી શકાય છે. લોકોને સુરક્ષિત રીતે ચાલવાનો વિશ્વાસ મળે તે માટે ફૂટપાથને મુખ્ય રસ્તાથી અલગ રાખવાના પગલાં લેવા સૂચના આપવામાં આવી છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

બુધવાર, તા.૦૫-૦૮-૨૦૨૬

અમરેલી શાંતાબા મેડીકલ કોલેજની શ્રેષ્ઠ કામગીરી

# ટીબી કાર્યક્રમમાં રાજ્યમાં પ્રથમ નંબર મળ્યો

**મેડીકલ કોલેજની ટીમને વસંતભાઈ ગજેરાએ અભિનંદન પાઠવ્યા**

અમરેલી,તા.૦૪

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ ચાલતા રાષ્ટ્રીય ક્ષયરોગ નિવારણ કાર્યક્રમ (NTEP) માં વર્ષ ૨૦૨૫ દરમિયાન ખાનગી મેડીકલ કોલેજોમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ શાંતાબા મેડીકલ કોલેજ, અમરેલીને સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો છે. આ સન્માન દર્દીઓની સમયસર નિદાન, સારવાર અને નોંધણી કરવા માટે આપવામાં આવે છે. આ પ્રસંગે રેસ્પીરેટરી મેડીસીન ડીપાર્ટમેન્ટ, રેસીડેન્ટ ડોક્ટર, પ્રોફેસર, નર્સિંગ સ્ટાફ અને લેબોરેટરી કર્મચારીઓના પ્રયાસોને બિરદાવામાં આવ્યા



હતા. કોલેજના ડીસ્ટ્રીક્ટ નોડલ ટીબી ઓફિસર અને પ્રોફેસર ડો. હિમ પરીખે જણાવ્યું કે, ક્ષયરોગ મુક્ત ભારતના લક્ષ્યને પૂરું કરવા માટે સમયસર નિદાન અને સારવાર ખૂબ જ જરૂરી છે અને આ સન્માન ટીમની મહેનતનું પરિણામ છે. કોલેજના ડીન, સુપ્રિટેન્ડટ અને ટ્રસ્ટી વસંતભાઈ ગજેરાએ ડોક્ટર હિમ પરીખ અને આખી ટીમને અભિનંદન આપ્યા હતા.

તેમણે કહ્યું કે આ સંસ્થા માટે ગૌરવની વાત છે અને ભવિષ્યમાં ક્ષયમુક્ત સમાજ માટે સંસ્થા સતત સક્રિય યોગદાન આપતી રહેશે. આગળ પણ જનજાગૃતિ અને સારવારના પ્રયત્નો ચાલુ રખાશે.

# ધારી-નાથદ્વારા એસ.ટી. બસ વાયા બાબરા ચલાવવા ચેમ્બર ઓફ કોમર્સે કરી માંગ

બાબરા,તા.૦૪

બાબરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ધારી ડેપોની ધારી - નાથદ્વારા એસ.ટી. બસ વાયા બાબરા ચલાવવા માટે ગુજરાત સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ચેમ્બરના પ્રમુખે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને પત્ર લખી જણાવ્યું છે કે, આ બસનો રૂટ બાબરા તરફથી રાખવામાં આવે તો સ્થાનિક તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના મુસાફરોને સીધો લાભ મળશે. બાબરા વિસ્તારમાં વૈષ્ણવ સમાજની મોટી વસતી હોવાથી નાથદ્વારા યાત્રાધામ જવા માટે સીધી પરિવહન સુવિધા ઉપલબ્ધ બનશે.આ ઉપરાંત, બાબરાથી અમદાવાદ માટે હાલ માત્ર ત્રણ જ બસો ઉપલબ્ધ હોવાથી મુસાફરોને મુશ્કેલી પડે છે. આ નવી વ્યવસ્થાથી અમદાવાદ અને નાથદ્વારા બંને સ્થળે પહોંચવું સરળ બનશે તેમજ એસ.ટી. નિગમની આવક પણ વધશે. આ રજૂઆતની નકલ કૌશિકભાઈ વેકરીયા, જનકભાઈ તળાવીયા અને વિભાગીય નિયામકને મોકલવામાં આવી છે.

# ૬ માસની સજાના વોરંટમાં ફરાર આરોપી અમરેલીમાંથી ઝડપાયો

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લા પેરોલ-ફર્લો સ્કવોડે છેલ્લા ૬ માસથી સજા વોરંટમાં ફરાર રહેલા આરોપી પ્રકાશભાઈ જેઠાભાઈ ભાટીને સાવરકુંડલા રોડના નવા હુડકો ક્વાર્ટરમાંથી ઝડપી પાડ્યો હતો. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ ચાલતા વિશેષ અભિયાન દરમિયાન હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ



સોર્સના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. ભરણપોષણ કેસમાં કોર્ટના આદેશનું પાલન ન કરતાં આરોપી સામે સજા વોરંટ જારી થયું હતું.

# જાફરાબાદમાં આઝાદ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સગર્ભા મહિલાઓ માટે નિ:શુલ્ક એમ્બ્યુલન્સ સેવા શરૂ

જાફરાબાદ,તા.૦૪

જાફરાબાદ શહેરના ખારવા સમાજ સંચાલિત આઝાદ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજે બંદર રોડ બાયપાસ સામાકાંઠા વિસ્તારમાં આવેલી બાપાસીતારામ મઢુલી ખાતે સગર્ભા મહિલાઓ માટે વિશેષ નિઃશુલ્ક આપાતકાલીન એમ્બ્યુલન્સ સેવા લોકાર્પણ કરાયું



તસવીર : બાબુભાઈ વાઢેળ

હતું. દાતાઓ અને વડીલોના સહયોગથી શરૂ કરાયેલી આ સેવા સગર્ભા મહિલાઓને સુરક્ષિત રીતે હોસ્પિટલ પહોંચાડવા મદદરૂપ બનશે. આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો વડીલો અને નાગરિકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. ટ્રસ્ટના પ્રતિનિધિઓએ સ્પષ્ટ કર્યું કે આ એમ્બ્યુલન્સ સેવા માત્ર ગર્ભવતી બહેનો માટે જ છે જ્યારે અન્ય તબીબી કટોકટીમાં સરકારી એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવા જણાવાયું છે. આ લોકહિતની સેવા શરૂ થતાં સમગ્ર શહેરમાં ટ્રસ્ટની ઉત્કૃષ્ટ સમાજસેવાની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

# સા.કુંડલાની કે.કે. હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાનો શાળાકીય રમતોત્સવ યોજાયો

અમરેલી,તા.૦૪



સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો ૭૦મો અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ ઉત્સાહભેર યોજાયો હતો. અન્ડર-૧૪, ૧૭ અને ૧૯ વયજૂથના વિદ્યાર્થીઓએ વોલીબોલ, ખો-ખો, કબડ્ડી અને એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. વિજેતા ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# અમરેલી એલ.સી.બી. પોલીસ દ્વારા તડીપાર આરોપીની અટકાયત કરાઈ

અમરેલી,તા.૦૪

અમરેલી એલ.સી.બી. ટીમે છેલ્લા બે મહિનાથી તડીપાર હુકમની બજવણી ટાળી નાસતા ફરતા આરોપી હરસુખભાઈ ઉર્ફે હસમુખભાઈ રવજીભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૪૮, રહે. નવા વાઘણીયા, તા. બગસરા) ને પકડી પાડ્યો છે. બગસરા પોલીસ સ્ટેશન



વિસ્તારમાં પ્રોહિબિશન સંબંધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ આ ઈસમ વિરુધ્ધ તડીપારની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. સબ ડીવિઝનલ મેજિસ્ટ્રેટ, બગસરાના હુકમ મુજબ આરોપીને અમરેલી, જૂનાગઢ, ભાવનગર, બોટાદ, રાજકોટ અને ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારોમાંથી છ મહિના માટે તડીપાર કરવાનો હુકમ કરાયો હતો.

# દામનગરનું કુંભનાથ તળાવ છલકાતા વધામણા કરાયા

અમરેલી,તા.૦૪



દામનગરમાં સારા વરસાદને કારણે ૧૩૦ વર્ષ પહેલાં ગાયકવાડ સરકારે બંધાવેલું કુંભનાથ તળાવ પાંચ વર્ષ બાદ ૧૦ ફૂટે ભરાઈને ઓવરફ્લો થયું છે. શનિવારે સવારે તળાવ છલકાતાં જ કુંભનાથ મહાદેવ મંદિરના પૂજારી મુકેશબાપુ પરિવાર અને શિવભક્તો સાથે પૂજન તથા જળ સ્તુતિ કરી વધામણાં કર્યા હતા. આ નયનરમ્ય નઝારો નિહાળવા માટે શહેર અને આજુબાજુના ગામના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સા.કુંડલા મહિલા આર્ટસ કોલેજમાં NSS વિભાગ દ્વારા વન-ડે કેમ્પ અને વૃક્ષારોપણ

અમરેલી,તા.૦૪

સા.કુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજના એનએસએસ વિભાગ તરફથી એક દિવસીય વન-ડે કેમ્પ તથા વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યુ હતુ. આ સમગ્ર આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડી એલ ચાવડા સાહેબના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ નયનાબેન કાપડિયા, નૂતન કેળવણી મંડળના ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા તથા સંજયભાઈ મહેતાએ



ખાસ હાજરી આપી હતી અને વિદ્યાર્થીનીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ કેમ્પમાં સમૂહ સફાઈ, વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ. કોલેજની તમામ વિદ્યાર્થીનીઓએ ભારે ઉત્સાહથી કેમ્પસમાં સફાઈ કરી હતી .

# પૂર્વ કૃષિ મંત્રી બેચર ભાદાણીની સ્ટેમ્પ ડ્યુટીમાં ગેરરીતિઓ મુદ્દે આમરણાંત ઉપવાસની ચીમકી

અમરેલી,તા.૦૪

પૂર્વ કૃષિ મંત્રી બેચરભાઈ ભાદાણીએ ખોટી રીતે સ્ટેમ્પ ડ્યૂટી વસૂલવાના અનેક કિસ્સામાં કલેક્ટર ઓફિસે આમરણાંત ઉપવાસ ઉપર બેસવાની ચીમકી આપી છે. આ અંગે તેમણે જિલ્લા કલેકટરને પત્ર લખીને જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં નાયબ કલેક્ટર-સ્ટેમ્પ ડયુટીની એક જ પોસ્ટ છે. જિલ્લાના તમામ તાલુકાના કામો આ એક જ કચેરીએ થતા હોવાથી તેમાં મોટા પ્રમાણમા ગેરરીતીઓ થઇ રહી છે. અમોએ અરજદાર બની ટીંબલા ગામના જુના સર્વે નં.૯૪પૈકીની ખેતીની જમીન અન્વયે અમોએ હક્ક નોંધ નં.૧૦૩૧ ના વ્યવહારો સબબ સ્ટેમ્પ ડયુટી ભરવા નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડયુટીને તા.૧૭/૦૪/૨૦૨૬ના રોજ અરજ કરેલ હતી જેની અનેક રજુઆતો કરવા છતાં તે ચલણ અમોને ત્રણ માસ પછી તા.૦૩/૦૮/૨૦૨૬ના રોજ આપવામાં આવેલ હતું. આ બાબતે ઊર્જા મંત્રી તથા સાંસદ સભ્યએ પણ યોગ્ય કરવા ભલામણ કરતા તેમની પણ ભલામણ ધ્યાને લીધેલ નથી. લેખિતમાં ગેરરીતી કરી હોવાનું અમારા ચલણમાં તથા રેકર્ડમાં સાબિત થાય છે. આથી અમે અમારી હાલની અરજ મુજબ આ સાથેના રેકર્ડની સ્ટેમ્પ ડયુટી ભરવાની ઉંડાણપુર્વક તપાસ કરી ખોટી રિતે સ્ટેમ્પ ડ્યુટીનુ ચલણ બનાવવા માટે તંત્ર વિરુધ્ધ યોગ્ય કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી છે.

# અમરેલીની કોમર્સ કોલેજની છાત્રાઓએ સરહદે બેઠેલા વીર જવાનો માટે રાખડીઓ મોકલી

અમરેલી,તા.૦૪

અમરેલી ખાતે વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં રાષ્ટ્રભાવના સાથે સરહદે સ્નેહની રાખડી કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતું. માતૃભૂમિની રક્ષા કરતા દેશના વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના હેતુથી કોલેજની



દીકરીઓએ ૬૦ જેટલી પવિત્ર રાખડીઓ અને સંવેદનાપૂર્ણ પત્રો તૈયાર કરીને દિલ્હી સ્થિત આર્મી હેડ-ક્વાર્ટર ખાતે મોકલ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રાધ્યાપક ડો. એમ. એમ. પટેલ અને એન.એસ.એસ. ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. છાત્રાઓના આ દેશભક્તિપૂર્ણ કાર્ય બદલ સંસ્થાના હોદ્દેદારો વસંતભાઈ ગજેરા, મનસુખભાઈ ધાનાણી તેમજ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ તમામ વિદ્યાર્થીનીઓને હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.









# રાજુલા નજીક આવેલી GCW અલ્ટ્રાટેક સિમેન્ટ ફેક્ટરીના મુખ્ય ગેટ સામે કર્મચારીઓની હડતાલ

રાજુલા,તા.૦૪


તસવીર : સુમરા વાઘ

રાજુલા નજીક આવેલી જીસીડબલ્યુ અલ્ટ્રાટેક સિમેન્ટ ફેક્ટરીના મુખ્ય ગેટ સામે ૩ ઓગસ્ટે કર્મચારીઓ દ્વારા સાંકેતિક હડતાલ યોજવામાં આવી હતી. હડતાલમાં વેજબોર્ડ તેમજ કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ પોતાની વિવિધ માંગણીઓ સરકાર અને કંપની સમક્ષ રજૂ કરી હતી. કર્મચારીઓએ પગાર વધારાની સાથે પેન્શનમાં વધારો, ગ્રેચ્યુટીના લાભમાં સુધારો તેમજ નિવૃત્તિની વયમર્યાદામાં વધારો કરવાની માંગ કરી હતી. આ દરમિયાન યુનિયન પ્રમુખ દુલાભાઈ લાખણોત્રા, જનરલ સેક્રેટરી બાબુભાઈ સહિત મયુરભાઈ, દીપકભાઈ વાજા, ઝીણાભાઈ લાખણોત્રા, બીજલભાઈ લાખણોત્રા, શિવાભાઈ વાઘ, સુરેશભાઈ અગ્રાવત, ભુપતભાઈ લાખણોત્રા, જબરાભાઈ વાઘ, ભરતભાઈ લાખણોત્રા, હાદાભાઈ વાઘ, તેજસભાઈ જાની અને સુરેશભાઈ ગોહીલ સહિત અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. યુનિયનના આગેવાનોએ જણાવ્યું હતું કે જો તેમની માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# જુની બારપટોળી ગામે લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા “જ્ઞાન પરબ લાયબ્રેરી”નું લોકાર્પણ


અમરેલી,તા.૦૪



લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા ગુરુવારના રોજ જુની બારપટોળી સરકારી પ્રાથમિક શાળા ખાતે “જ્ઞાન પરબ લાયબ્રેરી”નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ વિકસે, તેમના જ્ઞાનનો વ્યાપ વધે અને ઉજ્જવળ ભવિષ્યનો પાયો મજબૂત થાય તેવા શુભ આશયથી આ સેવા કાર્ય સંપન્ન થયું હતું.આ કાર્યક્રમ બાદ લાયન્સ ક્લબના પ્રમુખ કૌશિક હપાણી, જતીન સુખડિયા, સેક્રેટરી રાજેશ ઝાલાવાડીયા, રાજેશ વિઠલાણી અને જતીન કોટડીયા સહિતના સભ્યોએ પીપાવાવ પોર્ટની મુલાકાત લીધી હતી. તેમણે પોર્ટની આધુનિક કામગીરી અને સુવિધાઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. સમાજસેવા અને શિક્ષણના કાર્યોમાં અગ્રેસર રહી ક્લબ “વી સર્વ”ના ધ્યેયને સાર્થક કરી રહી છે. આ તકે સેવા કાર્યમાં સહભાગી બનનાર તમામ લાયન મિત્રો, શાળા પરિવાર અને સહયોગીઓનો આભાર માનવામાં આવ્યો હતો.

# બગસરામાં સ્વચ્છતા અભિયાન, મુખ્ય બજારોમાં કરાઈ સફાઈ ઝુંબેશ

અમરેલી,તા.૦૪



અમરેલીમાં યોજાનારી ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણીને ધ્યાનમાં રાખી જિલ્લા વહીવટી તંત્રના પ્રિ-ઈન્ડિપેન્ડન્સ કાર્યક્રમ હેઠળ બગસરા નગરપાલિકા વિસ્તારમાં સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતુ. શહેરની મુખ્ય બજારો અને જાહેર સ્થળોએ સફાઈ કામગીરી કરવામાં આવી. શહેરને સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવા નગરપાલિકાની ટીમે સક્રિય રીતે ભાગ લીધો હતો.

# RSETI ખાતે મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો

અમરેલી,તા.૦૪



‘નારી વંદન ઉત્સવ’ અંતર્ગત મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે **RSETI** ખાતે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયાએ કર્યું હતું. દીપ પ્રાગટ્ય બાદ એડવોકેટ શોભીનીબેન વોરાએ ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે તાલીમાર્થી બહેનોને માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ અધિકારી, **RSETI**ના નિયામક અંબુલકર, નારી અદાલતના જિલ્લા કો-ઓર્ડિનેટર જસુબેન ભંડેરી તેમજ **DHEW**ના મીનાક્ષીબેને મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે અનાથ દીકરીઓને શૈક્ષણિક અને હાઈજીન કિટ, દીકરી વધામણાં કિટ તેમજ વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત બહેનોને હેન્ડબેગ અને યોજનાકીય પેમ્ફલેટ પણ આપવામાં આવ્યા હતા.

# ચાંચ ગામની સગીરાને દાતરડી ગામનો યુવક બદકામના ઈરાદે ભગાડી ગયો

**સગીરાના પિતાએ હાલ દાતરડી ગામે રહેતા મૂળ પટવાના અરવિંદ આતુભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા. ૦૪

ચાંચ ગામની સગીરાને દાતરડી ગામનો યુવક બદકામના ઈરાદે ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ હાલ દાતરડી ગામે રહેતા મૂળ પટવાના અરવિંદ આતુભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમની સગીર પુત્રીને તેમના ઘરેથી લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી. કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં રઘુવંશી સમાજ દ્વારા શ્રધ્ધા પૂર્વક નાગપાંચમ પર્વ ઉજવાયું

સાવરકુંડલા,તા.૦૪



સાવરકુંડલામાં રઘુવંશી સમાજ દ્વારા નાગપાંચમનો તહેવાર ખુબજ ભક્તિ અને આસ્થા સાથે ઉજવવામાં આવ્યું. સમાજના તમામ લોકો ભેગા થઈ નાગદેવતાનું પૂજન અર્ચન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. મહિલાઓ આગલા દિવસે જ કઠોળ પલાળી રાખ્યા હતા અને સવારે વહેલા નાહીને વિધિવત રીતે નાગદેવતાને દૂધ, નાળિયેર તથા પલાળેલા કાચા અનાજનો ભોગ ધરાવ્યા હતા. આ પવિત્ર દિવસે એકટાણું કરીને ગઈકાલે રાંધેલું શાક, બાજરાનો રોટલો અને સાંજે ફરાળ ગ્રહણ કરવાની પ્રાચીન પરંપરા જાળવી રાખવામાં આવી હતી.

# ધારીમાં સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

ધારી,તા.૦૪



અમરેલીમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણીને ધ્યાનમાં રાખી જિલ્લા વહીવટી તંત્રના પ્રિ-ઈન્ડિપેન્ડન્સ એક્ટિવિટીના ભાગરૂપે ધારીમાં સ્વચ્છતા અભિયાન યોજાયું. ધારી નગરપાલિકાએ યોગીચોક, અમરેલી રોડ, મુખ્ય બજારો સહિત વિવિધ જાહેર સ્થળોએ સઘન સફાઈ કામગીરી હાથ ધરી હતી. શહેરને સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવા આ ઝુંબેશમાં નગરપાલિકાની ટીમે કામગીરી કરી હતી.

# અમરેલીમાં જૂના વાહનોની લે-વેચ કરતા વેપારીઓ સામે પોલીસની લાલ આંખ

**કલેક્ટરના જાહેરનામાના ભંગ બદલ રોકડિયાપરામાં ગુનો દાખલ**

અમરેલી, તા.૦૪

અમરેલી શહેરના રોકડિયાપરા વિસ્તારમાં જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી જૂના વાહનોની લે-વેચ કરનારાઓ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જાહેરનામાની અમલવારી દરમિયાન રોકડિયાપરા વિસ્તારમાં તપાસ હાથ ધરતા કેટલીક વ્યક્તિઓ દ્વારા વાહન લે-વેચના આ સરકારી નિયમો તેમજ આદેશોનું પાલન ન કરાતું હોવાનું સામે આવ્યું હતું. કલેક્ટરના જાહેરનામાનો સરેઆમ ભંગ કરી ગુનો આચરવા બદલ પોલીસે સંબંધિતો સામે કાયદેસરની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ અને ધાક બેસાડતી કાર્યવાહી હાથ ધરી હતી.


શું તમને સાંભળવાની તકલીફ છે ?

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


# અમરેલીમાં રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રીલ્સ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધા

અમરેલી,તા.૦૪

અમરેલીમાં યોજાનારી રાજ્યકક્ષાની ૮૦મી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને વધુ યાદગાર બનાવવા જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા માહિતી કચેરી દ્વારા રીલ્સ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન કરાયું છે. સ્પર્ધામાં અમરેલીની આઠ દાયકાની વિકાસયાત્રા, દેશભક્તિના રંગે રંગાતું અમરેલી તેમજ રાજ્યકક્ષાની ઉજવણીને કેન્દ્રમાં રાખી કૃતિ તૈયાર કરવાની રહેશે.

સ્પર્ધકો ૬૦ સેકન્ડ સુધીની રીલ અથવા ૩ મિનિટ સુધીની શોર્ટ ફિલ્મ મોકલી શકશે. વિજેતાઓને સન્માનપત્ર આપવામાં આવશે તેમજ તેમની કૃતિઓ જિલ્લાની અધિકૃત સોશિયલ મીડિયા પર પ્રસારિત કરવામાં આવશે. રસ ધરાવતા સ્પર્ધકોએ નામ, ઉંમર, મોબાઈલ નંબર અને સરનામા સાથે પોતાની એન્ટ્રી ૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ઈ-મેઈલ અથવા જિલ્લા માહિતી કચેરી ખાતે જમા કરાવવાની રહેશે. વધુ માહિતી માટે કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

## મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં

**-:જાહેર નોટીસઃ-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૪૮/૨૦૨૬

**અરજદારશ્રીઃ-** શ્રી વિઠલભાઈ મેઘજીભાઈ કુનડીયા,
રે. મોટી કુંકાવાવ, તા. વડીયા, જી. અમરેલી.
મો. ૯૩૨૭૫ ૨૧૩૧૦

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટી કુંકાવાવ, તા. વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**

**મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રી વિઠલભાઈ મેઘજીભાઈ કુનડીયાએ તેમના ભત્રીજા ભગવાનભાઈ ડુંગરભાઈ કુનડીયાનો જન્મ તા. ૧૪/૦૫/૧૯૬૦ ના રોજ મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જી. અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

(કોર્ટનો સિક્કો)

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા


અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૨૨૮/૨૦૨૬

**પ્રતિ,**
ગીતાબેન ગીરીશભાઈ વિંઝુડા,
રહે. ચમારવાસ ગાંગડા, ગામ-ગાંગડા, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી કે.કે.ગોહેલ, ઉના ..........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગાંગડા,
**ગ્રામ પંચાયત કચેરી, ગાંગડા,** તા.ઉના, જિ.ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના **ગાંગડા** ગામના રહીશ ગિરીશભાઈ ગાંગાભાઈ વિંઝુડા તથા ગીતાબેન ગીરીશભાઈ વિંઝુડાના **પુત્રી માનસી ગિરીશભાઈ વિંઝુડા**નો જન્મ તારીખ ૧૨/૦૨/૨૦૧૩ના રોજ **ઉના** તાલુકાના **ગાંગડા** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ **ગ્રામ પંચાયત કચેરી, ગાંગડા,** તાલુકો-ઉના **સને**-૨૦૧૩ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત **તા.૧૫/૦૯/૨૦૨૬ના** રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ **તા.૦૧/૦૮/૨૦૨૬**ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents

ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ

બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ

Appointment Now Mo.8160832025

ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા
અમરેલી - 365601

**તંત્રી લેખ**

# ઈ-૨૦ પેટ્રોલ નીતિ સામે વિવાદ

દેશમાં ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે કેન્દ્ર સરકારે ઈ-૨૦ પેટ્રોલ નીતિ અમલમાં મૂકી છે. આ નીતિ હેઠળ પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલનું મિશ્રણ કરવામાં આવે છે. સરકારનું માનવું છે કે આ પગલાથી ક્રૂડ ઓઈલની આયાતમાં ઘટાડો થશે, વિદેશી હૂંડિયામણની બચત થશે અને શેરડી આધારિત ઈથેનોલના ઉત્પાદનથી ખેડૂતોને વધારાની આવક મળશે. જોકે, આ નીતિ હવે રાજકીય અને સામાજિક ચર્ચાનો વિષય બની છે. સામાન્ય વાહનચાલકો, કેટલાક ખેડૂત સંગઠનો અને વિરોધ પક્ષો આ નિર્ણય સામે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. તાજેતરમાં કોંગ્રેસના કાર્યકરો તથા કેટલાક ખેડૂત સંગઠનોએ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીના નિવાસસ્થાનનો ઘેરાવ કરવાનો પ્રયાસ કર્યો હતો, જે આ મુદ્દે વધી રહેલા અસંતોષનો સંકેત આપે છે. ઈથેનોલ એક પ્રકારનું બાયોફ્યુઅલ છે, જે કુદરતી સ્ત્રોતોમાંથી બનાવવામાં આવતું આલ્કોહોલ છે. વાહનોમાં વપરાતું ઈથેનોલ પીવા યોગ્ય હોતું નથી, કારણ કે તેમાં વિવિધ રસાયણો ભેળવવામાં આવે છે. ભારતમાં ઈથેનોલનું ઉત્પાદન મુખ્યત્વે શેરડીના મોલાસીસમાંથી થાય છે. આ ઉપરાંત મકાઈ, ચોખા, ઘઉં, જવ, બટાકા તેમજ ઘાસ, પરાળી અને વાંસ જેવા સ્ત્રોતોમાંથી પણ આધુનિક ટેકનોલોજીની મદદથી ઈથેનોલ તૈયાર કરી શકાય છે. તેનો ઉપયોગ માત્ર ઈંધણ પૂરતો મર્યાદિત નથી, પરંતુ દવાઓ, હેન્ડ સેનિટાઈઝર, કેમિકલ ઉદ્યોગ અને અન્ય ઔદ્યોગિક ઉત્પાદનોમાં પણ થાય છે. સરકારનો દાવો છે કે ઈ-૨૦ પેટ્રોલથી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને પર્યાવરણને લાભ મળશે. સાથે જ પેટ્રોલમાં આયાતી ઈંધણ પરની નિર્ભરતા ઓછી થશે. પરંતુ આ નીતિ સામેનો સૌથી મોટો વિરોધ વાહનોની તકનીકી ક્ષમતા અંગે છે. દેશમાં લાખો વાહનો એવા છે, જે માત્ર ઈ-૧૦ પેટ્રોલ માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. આવા વાહનોમાં ઈ-૨૦ પેટ્રોલનો ઉપયોગ કરવાથી એન્જિનની કામગીરી પર અસર થઈ શકે છે, માઈલેજમાં ઘટાડો થઈ શકે છે અને કેટલાક સ્પેરપાર્ટ્સ ઝડપથી ઘસાઈ શકે છે. કેટલીક વાહન ઉત્પાદક કંપનીઓએ પણ સ્પષ્ટ કર્યું છે કે જૂના મોડલના વાહનોમાં ઈ-૨૦ પેટ્રોલના ઉપયોગથી વોરંટી પર અસર થઈ શકે છે. આ પરિસ્થિતિ ખાસ કરીને મધ્યમ અને ગરીબ વર્ગ માટે ચિંતાજનક છે. ઘણા લોકો વર્ષો જૂના ટુ-વ્હીલર અને કારનો ઉપયોગ કરે છે. પેટ્રોલના વધતા ભાવ વચ્ચે જો વાહનોના જાળવણી ખર્ચમાં પણ વધારો થાય, તો તે સામાન્ય પરિવારોના બજેટ પર સીધી અસર કરે છે. ખેડૂતોના હિત અંગે પણ ચર્ચા ચાલી રહી છે. સરકારનો દાવો છે કે ઈથેનોલનું ઉત્પાદન વધવાથી શેરડીના ખેડૂતોને લાભ મળશે. પરંતુ શેરડી એક પાણી આધારિત પાક હોવાથી પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં તેની ખેતીને પ્રોત્સાહન આપવું યોગ્ય છે કે નહીં, તે અંગે નિષ્ણાતો સવાલ ઉઠાવી રહ્યા છે. ઉપરાંત, જો ઈથેનોલ માટે શેરડીનો વધુ ઉપયોગ થશે, તો ખાંડના ઉત્પાદન અને તેના ભાવ પર પણ અસર થઈ શકે છે. આથી આ નીતિનો લાભ ખરેખર ખેડૂતોને મળશે કે મુખ્યત્વે મોટી ખાંડ મિલો અને ઉદ્યોગોને, તે અંગે ચર્ચા ચાલુ છે. નિષ્ણાતોનું માનવું છે કે સરકારનો હેતુ સકારાત્મક હોઈ શકે છે, પરંતુ તેના અમલીકરણમાં વધુ તૈયારી અને આયોજન જરૂરી હતું. લોકોમાં જાગૃતિ લાવવી, વાહન ઉત્પાદકો સાથે સંકલન કરવું અને જૂના વાહનો માટે યોગ્ય માર્ગદર્શન અથવા સહાય યોજના તૈયાર કરવી જરૂરી હતી. જો ઈ-૨૦ પેટ્રોલને ભવિષ્યનું ઈંધણ બનાવવાનું હોય, તો સરકારએ જૂના વાહનોના એન્જિન અપગ્રેડ માટે સબસિડી, સ્પષ્ટ માર્ગદર્શિકા અને તબક્કાવાર અમલીકરણ જેવી વ્યવસ્થાઓ પર પણ વિચાર કરવો જોઈએ. પર્યાવરણનું રક્ષણ અને ઊર્જા આત્મનિર્ભરતા મહત્વપૂર્ણ છે, પરંતુ તેની સાથે સામાન્ય જનતાના હિત અને સુવિધાનું સંતુલન જાળવવું પણ એટલું જ જરૂરી છે.

# અમરેલીમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સ પોલીસના હાથે ઝડપાયા

**પોલીસે જુગાર સ્થળેથી રૂા.૨૪,૭૦૦ની રોકડ જપ્ત કરી**

અમરેલી,તા.૦૪

અમરેલી શહેરમાં એલસીબી પોલીસે જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. મળેલી બાતમીના આધારે જગુપુલ પાસે વરૂડી ગામ તરફ જતા રોડ પર દરોડો પાડવામાં આવ્યો હતો. દરમિયાન ત્રણ વ્યક્તિઓ સંજય હરી ગોહિલ, વિજય અરવિંદ મકવાણા, બિપીન હિંમત વાસવડાર રહે. જેસીંગપરા, અમરેલીવાળા ગંજીપત્તાના પાનાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે તેમની પાસેથી કુલ રૂ.૨૪,૭૦૦ની રોકડ રકમ તેમજ જુગાર રમવા ઉપયોગમાં લેવાયેલા ૫૨ ગંજીપત્તાના પાના કબજે કર્યા હતા. ઝડપાયેલા આરોપીઓ સામે જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



# વડિયા પોલીસે નાસતા-ફરતા આરોપીની આટકોટથી ઝડપ્યો

વડિયા,તા.૦૪



વડિયા પોલીસે સનાળી ગામેથી મોટરસાયકલ ચોરીના કેસમાં પકડાયા બાદ જામીન મેળવી ૧ વર્ષથી કોર્ટમાં ગેરહાજર રહેતા આરોપી હિતેશ ઉર્ફે જીતેશ કાંતિ વાઘેલા સામે વડિયા કોર્ટે પકડ વોરંટ જાહેર કર્યું હતું. ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સ આધારે ડી-સ્ટાફના ભરતભાઈ મોરવાડીયા, હેડકોન્સ્ટેબલ નિકુંજભાઈ અને ડ્રાઈવર જીતેશગીરીની ટીમે રાજકોટના આટકોટ ખાતેથી આરોપીની ધરપકડ કરી વડિયા કોર્ટ સમક્ષ રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે.

# કડિયાળી ગામે ચોર ઘરવપરાશના વાસણો ચોરી કરીને ફરાર થઈ ગયો

**સુરત રહેતા યુવકે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા. ૦૪

કડિયાળી ગામે એક ચોર ઘરવપરાશના વાસણો ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે સુરતના પુણા ગામમાં રહેતા અને મૂળ કડિયાળી ગામના દિનેશભાઈ કાનાભાઈ ધાખડા (ઉં.વ. ૨૪) એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, એક અજાણ્યા ચોર ઈસમે તેમના રહેણાંક મકાનની દીવાલ કૂદીને અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ રૂમના દરવાજાનો નકુચો તોડી, રૂમમાં રાખેલા ઘરવપરાશના વાસણો મળીને કુલ રૂ. ૪૨,૪૦૦ ની કિંમતની માલમત્તાની ચોરી કરી લીધી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી. જીંજાળા આ બાબતે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના જાળીયા ગામે ઉર્જામંત્રી કૌશિક વેકરીયાનું સન્માન કરાયું

અમરેલી,તા.૦૪



અમરેલી જિલ્લાના જાળિયા ગામમાં રાજ્યના ઊર્જા, કાયદા તથા ન્યાય વિભાગના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાનું ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. ગામના તળાવને ૬૦૦ કલાક હિટાચી મશીનથી ઊંડું કરવાની કામગીરી બાદ ચોમાસામાં નવા નીરના વધામણા કરવામાં આવ્યા હતા. આ કામગીરીને બિરદાવવા ગામજનો દ્વારા સન્માન સમારોહનું આયોજન કરાયું હતું. મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું કે જળસંચયથી ખેડૂતોની આવક વધશે અને ગામોના વિકાસને નવી દિશા મળશે. તેમણે અમરેલી જિલ્લામાં સ્માર્ટ જીઆઈડીસી, રાધેશ્યામ-માચિયાળા બાયપાસ અને સ્પોર્ટ્સ સંકુલ જેવા વિકાસકાર્યોનો પણ ઉલ્લેખ કર્યો હતો. પ્રાગજીભાઈ હીરપરા અને પી.વી. વસાણીએ પણ જળસંચયના મહત્વ અંગે પ્રાસંગિક સંબોધન કર્યું હતું. કાર્યક્રમમાં વિવિધ સમાજના આગેવાનો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત જળસંચય સમિતિના કાર્યકરોનું પણ સન્માન કરાયું હતું.

# વડીયા ITI ખાતે કાલે રોજગાર ભરતીમેળો

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને આઈટીઆઈ વડીયાના સંયુક્ત ઉપક્રમે ૬ ઓગસ્ટે સવારે ૧૧ વાગ્યે આઈટીઆઈ વડીયા ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં **EDF International Netwroks** કંપની સ્માર્ટ મીટર ઈન્સ્ટોલરની જગ્યાઓ માટે ભરતી કરશે. ૧૮થી ૫૦ વર્ષની વય ધરાવતા અને આઈટીઆઈ ઈલેક્ટ્રિશિયન અથવા વાયરમેન સાથે ધોરણ ૧૦ કે ૧૨ પાસ તથા એક વર્ષનો અનુભવ ધરાવતા પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે. પસંદગી પામનારને માસિક રૂ.૨૫ હજાર સુધીનો પગાર મળશે અને કામગીરી અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં રહેશે. ઉમેદવારોએ મૂળ પ્રમાણપત્રો, આધારકાર્ડ અને બાયોડેટા સાથે હાજર રહેવાનું રહેશે તેમજ અનુબંધમ પોર્ટલ પર અગાઉથી ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત છે.

# ગોપાલગ્રામમાં વાહકજન્ય રોગો સામે આરોગ્ય વિભાગનું અભિયાન

અમરેલી,તા.૦૪



ગોપાલગ્રામ અને નજીકના વિસ્તાર મા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ની ટીમે ૧૦૩૫ ઘરોની મુલાકાત લીધી હતી. તાવના ૧૧ દર્દીઓ ના બ્લડ સેમ્પલ લીધા અને દવા આપી. પાણીના ૫૨ ખાડામા ડાયફ્લુબેન્ઝુરોન દવા છાંટી તથા એબેટ નો ઉપયોગ કરી ગપ્પી માછલી છોડી હતી. આરોગ્ય ખાતા એ લોકોને પાણી ભરાય નહિ તે ધ્યાન રાખવા અને તાવ આવે તો તુરંત તપાસ કરાવવા અપીલ કરી છે.

# સા.કુંડલાના વેપારી સાથે રૂ. ૨.૫૦ લાખની ઠગાઈ

સાવરકુંડલા, તા. ૦૪

સાવરકુંડલાના એક વેપારી સાથે રૂ. ૨.૫૦ લાખની ઠગાઈ થઈ હતી. આ અંગે આમીનભાઈ હસનભાઈ મકવાણા (ઉ.વ. ૪૩)એ રાજસ્થાનના અલવારમાં રહેતા શિવરામભાઈ નંદરામભાઈ ગુજ્જર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને ૫૦ બકરીઓ વેચાતી આપવાનું કહી રૂ. ૨,૫૦,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. આજદિન સુધી બકરીઓ કે રૂ. ૨,૫૦,૦૦૦ પરત નહીં આપી આરોપીએ ફ્રોડ કરી રકમ પડાવી લીધી હતી. આ મામલે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. કે. બી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૬૦૦ | ૧૯૫૨ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| જુવાર સફેદ | ૧૧૦૮ | ૧૨૨૫ |
| જુવાર લાલ | ૧૧૫૦ | ૧૨૭૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૪૯૨ |
| બાજરી | ૩૭૨ | ૪૮૦ |
| મકાઇ | ૪૭૫ | ૪૭૫ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૯૦ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૪૮ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૯૦૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૮૬૧ |
| મગ | ૧૧૩૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૧૮૦ |
| ચોળી | ૧૦૬૦ | ૧૫૪૦ |
| વટાણા | ૬૧૦ | ૧૦૦૦ |
| કળથી | ૪૦૦ | ૫૭૫ |
| રાજમા | ૧૯૦૦ | ૨૧૪૧ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૦૩૧ |
| મગફળી જાડી | ૧૨૧૦ | ૧૬૫૦ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૫૨૫ |
| તલી | ૧૭૭૫ | ૨૫૦૦ |
| એરંડા | ૧૩૩૦ | ૧૪૧૮ |
| સુવા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૧૭૫ | ૧૪૩૭ |
| સીંગફાડા | ૧૫૦૦ | ૧૭૫૦ |
| કાળા તલ | ૨૬૪૦ | ૩૭૪૦ |
| લસણ | ૧૦૮૦ | ૨૨૨૫ |
| ધાણા | ૨૭૯૦ | ૨૯૭૫ |
| ધાણી | ૨૭૪૦ | ૩૦૨૨ |
| વરીયાળી | ૧૬૦૦ | ૨૨૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૦૫ |
| રાય | ૧૩૫૦ | ૧૮૫૮ |
| મેથી | ૯૬૦ | ૧૭૪૦ |
| અશેરીયો | ૯૫૦ | ૧૦૮૦ |
| કલોંજી | ૨૯૮૫ | ૩૬૩૩ |
| રાયડો | ૧૨૫૦ | ૧૫૧૫ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૧૧૫૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૧૪૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૪૫૧ | ૮૮૩ |
| પપૈયા | ૨૨૧ | ૪૧૮ |
| બટેટા | ૯૩ | ૨૯૮ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૮૧ |
| ટમેટા | ૩૭૯ | ૫૫૨ |
| સુરણ | ૮૦૩ | ૯૯૭ |
| કોથમરી | ૪૫૨ | ૮૬૯ |
| મુળા | ૩૫૪ | ૫૬૯ |
| રીંગણા | ૮૪ | ૨૮૫ |
| કોબીજ | ૨૭૧ | ૪૧૧ |
| ફ્લાવર | ૩૯૩ | ૬૧૫ |
| ભીંડો | ૮૦૩ | ૧૦૨૮ |
| ગુવાર | ૮૩૭ | ૧૪૨૩ |
| ચોળાસીંગ | ૬૦૧ | ૧૦૦૩ |
| ટીંડોળા | ૪૭૧ | ૮૬૮ |
| દુધી | ૩૧૨ | ૪૨૬ |
| કારેલા | ૪૨૭ | ૮૦૫ |
| સરગવો | ૫૫૪ | ૧૧૨૭ |
| તુરીયા | ૭૮૧ | ૧૨૨૪ |
| પરવર | ૯૮૮ | ૧૩૭૭ |
| કાકડી | ૪૧૩ | ૬૩૭ |
| ગાજર | ૩૧૮ | ૫૨૫ |
| વટાણા | ૧૬૩૫ | ૨૬૧૭ |
| ગલકા | ૪૫૪ | ૬૯૧ |
| બીટ | ૩૭૬ | ૫૫૯ |
| મેથી | ૧૦૫૫ | ૧૨૨૭ |
| ડુંગળી લીલી | ૬૨૭ | ૮૨૩ |
| આદુ | ૧૩૯૦ | ૨૯૬૯ |
| મરચા લીલા | ૬૨૩ | ૮૩૮ |
| મકાઇ લીલી | ૨૨૭ | ૪૨૯ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૯૦૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૬૬૨ |
| મગફળી જીણી | ૯૭૬ | ૧૫૪૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૨૧ |
| એરંડા/એરંડી | ૧૧૦૦ | ૧૪૦૬ |
| તલ લાલ | ૨૨૫૧ | ૨૫૧૧ |
| જીરૂ | ૨૧૦૧ | ૪૦૫૧ |
| કલંજી | ૨૫૦૧ | ૩૬૨૧ |
| ધાણા | ૨૨૦૧ | ૩૦૯૧ |
| લસણ સુકું | ૧૦૦૧ | ૨૫૩૧ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૫૪૧ |
| અડદ | ૬૦૦ | ૧૯૪૧ |
| તુવેર | ૮૦૦ | ૧૫૯૧ |
| મેથી | ૧૦૩૧ | ૧૭૦૧ |
| કાંગ | ૪૮૧ | ૮૧૧ |
| સુરજમુખી | ૧૪૩૧ | ૧૪૩૧ |
| મગફળી જાડી | ૧૦૩૧ | ૧૬૦૬ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૬૯૧ |
| ધાણી | ૨૩૦૧ | ૩૦૬૧ |
| બાજરો | ૩૨૧ | ૩૩૧ |
| મકાઇ | ૩૦૧ | ૫૦૧ |
| મગ | ૭૫૧ | ૧૭૮૧ |
| વાલ | ૫૦૧ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૯૫૧ | ૧૫૮૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૩૫૧ |
| અરીઠા | ૨૭૬ | ૨૭૬ |
| ગોગળી | ૮૦૧ | ૧૩૨૧ |
| વટાણા | ૩૯૧ | ૭૦૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૩૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૯૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૨૪૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૬૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૪ |
| ડુંગળી પુરા | ૮ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૨ | ૯ |
| કોથમીર પુરા | ૩ | ૫ |
| મૂળા પુરા | ૪ | ૧૨ |
| ગ્રૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કંટોલા | ૩૦૦૦ | ૩૪૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૧ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૪૦ | ૭૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૮ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૯૦૦ | ૧૩૭૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૧૯૭૦ |
| તલ સફેદ | ૧૯૭૦ | ૨૬૫૫ |
| કાળા તલ | ૨૨૯૦ | ૩૮૮૦ |
| તલ કાશમીરી | ૨૧૫૦ | ૨૪૨૦ |
| બાજરો | ૩૬૦ | ૫૦૦ |
| જુવાર | ૩૫૦ | ૧૨૬૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| મકાઈ | ૨૭૦ | ૫૧૦ |
| મગ | ૧૪૦૦ | ૧૪૫૫ |
| ચણા | ૮૯૦ | ૧૨૭૦ |
| ચણા દેશી | ૧૨૩૦ | ૧૩૦૦ |
| સફેદ ચણા | ૧૦૨૦ | ૧૨૬૦ |
| છોલે ચણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળી | ૧૨૫૫ | ૧૨૫૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૫ |
| કપાસ | ૧૦૯૦ | ૧૯૬૫ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૮૦ |
| જીરુ | ૨૩૯૦ | ૪૧૦૦ |
| ધાણી | ૨૨૫૦ | ૩૦૮૦ |
| અજમાં | ૨૪૨૦ | ૨૫૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૩૫ |
| સોયાબીન | ૧૩૦૫ | ૧૩૫૦ |
| કાંગ | ૫૫૫ | ૬૭૦ |
| રાજગરો | ૧૬૩૦ | ૧૬૩૦ |
| કલોંજી | ૧૯૫૦ | ૩૦૫૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૨૭૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૪૫૦ | ૫૫૦ |
| શકકરીયા | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ટમેટાં | ૬૦૦ | ૮૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૭૦ |
| ગાજર | ૫૮૦ | ૬૮૦ |
| દુધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૬૩૦ | ૬૯૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| શીંગઓળા | ૯૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૪૫૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચીભડા | ૬૨૦ | ૧૦૩૦ |
| વટાણા | ૨૭૦૦ | ૨૮૦૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૮૩૦ | ૯૩૦ |
| આદુ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૬૮૦ | ૭૯૦ |
| બીટ | ૪૮૦ | ૫૫૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૫૪૦ |
| લસણ સુકું | ૧૫૦૦ | ૨૫૫૦ |
| પાલક | ૫૮૦ | ૬૫૦ |
| લીબુ | ૩૫૦ | ૫૩૦ |
| મકાઈ | ૩૧૦ | ૩૯૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૫૦ | ૧૫૦૦ |
| શીંગ દાણા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૫૧ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૮૨૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૭૨૧ |
| કપાસ | ૧૬૦૦ | ૧૯૧૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૦ |
| બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૧૯૦ |
| મકાઈ | ---- | ૫૪૦ |
| મગ | ૧૪૫૦ | ૧૫૩૫ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૩૫ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| મેથી | ---- | ૧૩૮૦ |
| ધાણા | ---- | ૩૦૦૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૬૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૩૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૩૪૩૦ | ૩૮૨૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૨૨૦ |
| ઘઉં | ૫૧૫ | ૫૩૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૯૯ | ૫૧૦ |
| તુવેર | ૧૪૫૧ | ૧૪૫૧ |
| ધાણા | ૨૦૦૦ | ૩૦૨૦ |
| તલ સફેદ | ૨૨૮૦ | ૨૪૨૫ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૩૫ |
| ચણા | ૯૨૦ | ૧૨૩૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| એરંડી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| અડદ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| મેથી | ૧૦૫૫ | ૧૦૫૫ |

**ધારી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૪૪૫ | ૫૨૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૦૬૦ | ૧૩૦૧ |
| શીંગદાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| વાલ | ૭૪૦ | ૭૪૦ |
| સોયાબીન | ૧૨૬૦ | ૧૨૬૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| જુવાર | ૫૦૦ | ૧૨૨૮ |
| બાજરી | ૩૩૩ | ૫૦૪ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૮૨ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૯૦ |
| અડદ | ૧૧૮૦ | ૨૦૦૧ |
| મગ | ૧૧૪૦ | ૧૬૮૫ |
| રાય | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ચણા | ૬૩૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૨૧૫૨ | ૨૪૬૨ |
| તલ કાળા | ૧૪૧૫ | ૩૫૩૪ |
| ચોળી | ૯૮૦ | ૯૮૦ |
| જીરૂ | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૫૭૭ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૭૭ |
| નાળીયેર | ૪૯૦ | ૨૭૪૨ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૨૩૮૦ | ૨૫૫૧ |
| તલ કાળા | ૨૬૮૫ | ૩૩૩૩ |
| બાજરો | ૪૩૯ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૪૭ |
| જુવાર | ૧૦૦૦ | ૧૨૦૩ |
| મકાઈ | ૪૭૦ | ૪૮૦ |
| મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| ચણા | ૮૨૫ | ૧૨૫૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| શીંગદાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૧૨૫૦ | ૧૨૯૦ |
| બાજરી | ૪૨૫ | ૪૪૫ |
| ઘઉં | ૪૮૭ | ૫૩૧ |
| મગ | ૧૧૨૫ | ૧૬૫૦ |
| તુવેર | ૮૫૦ | ૧૧૧૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૪૯ |
| ચણા સફેદ | ૮૪૦ | ૧૬૯૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| તલી | ૧૬૩૦ | ૨૪૩૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૧૬૦ |
| લસણ | ૮૦૦ | ૩૭૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૦૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૫૨૫ |
| શીંગદાણા | ૧૪૫૦ | ૨૩૦૦ |
| વટાણા | ૩૫૦ | ૬૯૫ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૨૨૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૨૪ |
| ઘઉં | ૪૬૫ | ૫૮૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૮૦ |
| જુવાર | ૧૦૧૧ | ૧૨૧૨ |
| અડદ | ૧૪૦૦ | ૧૯૫૧ |
| મગ | ૧૩૦૦ | ૧૮૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૬ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૪૯૫ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૬૭૫ |
| સોયાબીન | ૧૨૮૦ | ૧૩૮૪ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૨૦૨૨ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૪૫૧ | ૫૧૯ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૩૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૩૪૬ |
| મગફળી | ૯૫૧ | ૧૨૦૧ |
| શિંગદાણા | ૧૭૦૧ | ૧૯૦૧ |
| શિંગફાડા | ૧૫૦૧ | ૧૭૧૧ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૩૪૬ |
| ધાણા | ૨૫૦૧ | ૨૯૮૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૩૦૧ |

સંજોગ ન્યૂઝ

# ઉત્સવ

બુધવાર, 05 ઓગસ્ટ, 2026





06


લાગે તો તીર :- નેપાળમાં ઝેન જી કરીને એક આંદોલન ઊભું થયું

# ઈથેનોલ મુદ્દે ગડકરી ટાર્ગેટ કેમ ?

બ્રેકિંગ પોઈન્ટ



નેહા શર્મા



હવે ઈથેનોલ મુદ્દે ઘમાસાણ થશે ? 'નીટ' પેપર લીક સામેનું આંદોલન પત્યું પણ તેના આફ્ટરશોક્સ ચાલુ જ છે ત્યાં હવે ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના વિરોધમાં આંદોલનના ભણકારા વાગી રહ્યા છે. આ મુદ્દે લાંબા સમયથી ઓનલાઈન ઝુંબેશ ચાલી રહી છે. ચળવળકાર તેહસીન પૂનાવાલાએ બનાવેલું ટીમ ભારત નામનું સંગઠન હવે આ ચળવળને વધારે ઉગ્ર બનાવવા માગે છે. તેના ભાગરૂપે ટીમ ભારતે ગયા શુક્રવારે દિલ્લીમાં સંસદની સામે ગડ્ડી માર્ચ યોજવાની જાહેરાત કરેલી પણ પેટ્રોલીયલ મંત્રી હરદીપસિંહ પુરી સાથે ૪ કલાકની બેઠક પછી આ કૂચ મોકૂફ રખાયેલી.

ટીમ ભારતે દાવો કરેલો કે, પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલની ભેળસેળ કરીને વેચાતા ઈ-૨૦ પેટ્રોલનો વિરોધ કરવા માટેની ગડ્ડી માર્ચને પોલીસે મંજૂરી ના આપતાં કૂચ મોકૂફ રાખવી પડી છે. એ પછી પૂનાવાલાએ દિલ્લીમાં ગાંધી સ્મૃતિ સુધી એકલ કૂચ કરવાની જાહેરાત કરેલી પણ એ કૂચ પણ ના થઈ. પૂનાવાલાનું કહેવું છે કે, દિલ્લી પોલીસે પોતાને નજરકેદ કરી દીધા છે અને બહાર નિકળવા જ નથી દેતા. પૂનાવાલાએ નીતિન ગડકરી ડરી ગયા હોવાનો દાવો પણ કર્યો છે. પૂનાવાલાએ સોનમ વાંગચુકની જેમ જંતર મંતર ખાતે ઘરણાં કરવાનું એલાન પણ કર્યું છે.

ટીમ ભારતનું કહેવું છે કે, ઈ-૨૦ પેટ્રોલના કારણે વાહનોનાં એન્જીનને ભારે નુકસાન થઈ રહ્યું છે હોવાથી વાહનોની આવરદા ઘટી જાય છે. વાહનની એવરેજ પણ ઘટે છે તેથી વધારે આર્થિક બોજ આવે છે. એન્જીનને નુકસાન થતું હોવાથી મેનટેનન્સનો ખર્ચ પણ વધે છે તેથી ઈ-૨૦ પેટ્રોલ હિતાવહ નથી. ટીમ ભારતે કારમાલિકોને ઈ-૨૦ પેટ્રોલ વાપરવાથી થતા નુકસાનથી બચાવવા કેટલીક માગણીઓ કરી છે. તેમાં મુખ્ય માગ એ છે કે, ૨૦૨૩ પહેલાં બનેલાં લાખો વાહનો ઈ-૨૦ના વપરાશ માટે બનેલાં નહીં હોવાથી તેમના માટે ઈ૧૦ પેટ્રોલનું ફરી વેચાણ શરૂ થાય. બીજી માગ એ છે કે, પેટ્રોલ પંપ પર શુધ્ધ પેટ્રોલ વ્યાજબી ભાવે મળે અને ઈ૨૦ પેટ્રોલના ભાવ શુધ્ધ પેટ્રોલની સરખામણીમાં ૨૦ ટકા ઓછા રાખવા જોઈએ.

સરકાર આ માગણીઓ સ્વીકારી શકે તેમ નથી કેમ કે તેના કારણે કરોડોનો ખર્ચ ડૂબી જાય. આ કારણે આ મુદ્દે આંદોલન ઉગ્ર બનવાનાં એંધાણ છે. સીજેપીના આંદોલનના કારણે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું ધરી દેવું પડ્યું એ રીતે નીતિન ગડકરીને પણ રાજીનામું આપવાની ફરજ પાડીશું એવો ટીમ ભારતનો દાવો છે.

■■■

ઈથેનોલ મુદ્દે નીતિન ગડકરી કેમ ટાર્ગેટ છે ?

નીતિન ગડકરીને પેટ્રોલના વેચાણ સાથે સીધી કોઈ લેવાદેવા નથી પણ ઈ-૨૦ પેટ્રોલનો વિરોધ કરી રહેલી ટીમ ભારતનો દાવો છે કે, પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાનો આખો ખેલ કેન્દ્રીય રોડ અને ટ્રાન્સપોર્ટ મંત્રી નીતિન ગડકરીના પુત્રો નિખિલ અને સારંગની કંપનીઓને ફાયદો કરાવવા કરાઈ રહ્યો છે. નિખિલ અને સારંગની કંપનીઓ મોટા પ્રમાણમાં ઈથેનોલ બનાવે છે. પેટ્રોલમાં ભેળવવા માટે આ ઈથેનોલ સરકારી ઓઈલ કંપનીઓને વેચીને જંગી કમાણી કરી શકાય એટલે ગડકરીએ પેટ્રોલમાં ઈથેનોલની મિલાવટનું પ્રમાણ ૧૦ ટકાથી વધારેની ૨૦ ટકા કરાવ્યું. ગડકરીએ જ ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલનો કાર્યક્રમ શરૂ કરાવ્યો અને ઈથેનોલનો વપરાશ વધે તેની વકીલાત કરી રહ્યા છે.

ગડકરીનું શું કહેવું છે ?

ગડકરીનું કહેવું છે કે, પોતાના પુત્રોના ઈથેનોલના ધંધાને ફાયદો કરાવવા માટે પોતે ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના વપરાશની નીતિને પ્રોત્સાહન આપી રહ્યા હોવાની વાત સાવ બકવાસ છે. એક રાષ્ટ્રીય અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં ગડકરીએ સ્વીકારેલું કે, તેમના દીકરા નિખિલ ગડકરી અને સારંગ ગડકરીની કંપનીઓ સિયાન એગ્રો ઈન્ડસ્ટ્રીઝ અને માનસ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ખાંડ તથા ઈથેનોલના ધંધા સાથે સંકળાયેલી છે ખરી પણ આ બંને કંપનીના ધંધામાં ઈથેનોલનો હિસ્સો બહુ નાનો છે.

ગડકરીનો તો એવો પણ દાવો છે કે, પોતાને પુત્રોના વ્યવસાય સાથે કોઈ સંબંધ નથી અને બંને દીકરા સ્વતંત્ર રીતે પોતાનો ધંધો કરે છે. ભારતમાં ઈથેનોલ પર ચર્ચા શરૂ થઈ તેના બહુ પહેલાં પોતાના પરિવારે સુગર મિલ શરૂ કરી હતી પણ પહેલેથી ઈથેનોલ પુત્રોની કંપનીના કુલ આવકમાં ખૂબ જ ઓછો ફાળો આપે છે. ગડકરીએ તો દીકરાની કંપનીના ઈથેનોલના બિઝનેસ દેવામાં ડૂબેલો હોવાનો અને આશરે રૂા. ૧,૬૦૦ કરોડનું મોટું દેવું હોવાનો પણ દાવો કર્યો છે.

ગડકરીએ એવી સફાઈ પણ આપી છે કે, ઈથેનોલના ભાવ નક્કી કરવામાં કે સરકારી ખરીદી પ્રક્રિયામાં પોતાની કે પોતાના મંત્રાલયની કોઈ જ ભૂમિકા નથી. પેટ્રોલમાં ઈથેનોલની મિલાવટ અંગે પેટ્રોલિયમ મંત્રાલય નિર્ણય લે છે અને ઈથેનોલની ખરીદી સહિતની તમામ બાબતો પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા નક્કી થાય છે.

ઈથેનોલની કિંમતો પણ કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા નક્કી કરવામાં આવે છે તેથી પોતાને કંઈ લેવાદેવા નથી. ગડકરીએ તો પોતે ફક્ત શેરડી આધારિત ઈથેનોલની નહીં પણ મકાઈ, વાંસ અને પાકના ભૂસામાંથી બનેલા ઈથેનોલના ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપ્યું છે તેથી આ વાતો ખોટી છે અને સંપૂર્ણપણે રાજકીય રીતે પ્રેરિત છે.

■■■

ગડકરી સાચું બોલે છે ? ગડકરી ભલે ચોખ્ખા હોવાનો દાવો કરે પણ 'સિયાન એગ્રો ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ' ભારતમાં ઈથેનોલ ઉત્પાદન કરતી અગ્રણી કંપનીઓમાંથી એક છે તેમાં શંકા નથી. કેટલાક મીડિયા રીપોર્ટ પ્રમાણે તો ભારતમાં ઉત્પાદિત ઈથેનોલમાંથી લગભદ અડધો ટકો ઈથેનોલ 'સિયાન એગ્રો ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ' બનાવે છે. ભારતમાં સેંકડો કંપનીઓ ઈથેનોલ બનાવે છે અને હજારો સુગર મિલો ઈથેનોલ બનાવે છે. આ સંજોગોમાં કોઈ કંપની રાષ્ટ્રીય ઉત્પાદનમાં અડધો ટકો હિસ્સો ધરાવતી હોય એ બહુ મોટી વાત જ કહેવાય.

મોદી સરકારે ઈથેનોલને મહત્વ આપવા માંડ્યું એ પછી નિતિન ગડકરીના પુત્રની કંપની 'સિયાન એગ્રા'ની આવકમાં થયેલા તોતિંગ વધારા અંગેના રીપોર્ટ પણ ચોકવનારા છે. મીડિયા રીપોર્ટ પ્રમાણે, ભારતમાં ઈ૨૦ પેટ્રોલનું વેચાણ શરૂ કરવાનો નિર્ણય લેવાયો એ પહેલાં ૨૦૨૪માં સિયાન એગ્રોની નેટ વર્થ રૂા.૮૯.૨૩ કરોડ હતી અને આવક રૂા.૧૮૨ કરોડ હતી જ્યારે ચોખ્ખો નફો રૂા. ૪.૯ કરોડ હતો. ૨૦૨૫માં ભારતમાં ઈ૨૦ પેટ્રોલનું વેચાણ શરૂ કરવાનો નિર્ણય લેવાયો પછી કંપનીની નેટ વર્થ રૂા. ૮૯ કરોડથી વધીને રૂા. ૨,૦૧૭ કરોડ થઈ ગઈ જ્યારે આવક રૂા. ૧૮૨ કરોડથી વધીને રૂા. ૧,૦૫૪ કરોડ થઈ ગઈ. નફો રૂા. ૪.૯ કરોડથી વધીને રૂા. ૪૧.૬ કરોડ થઈ ગયો. આ કંપનીના ૬૦ ટકાથી વધુ શેર નિતિન ગડકરીના પુત્ર નિખિલ ગડકરીની માલિકીના છે એ જોતાં આ વધારાનો ફાયદો ગડકરીના પુત્રને જ સૌથી વધારે થયો છે એ કહેવાની જરૂર નથી. ગડકરી પોતાને કે પોતાના મંત્રાલયને ઈથેનોલ નીતિ સાથે કંઈ લેવાદેવા નથી એવો દાવો કરે છે. આ દાવો સાચો છે પણ સવાલ એ છે કે, પોતાના મંત્રાલય સાથે કંઈ લેવાદેવા નથી એવા મુદ્દે ગડકરી કેમ સૌથી વધારે ભાર મૂકે છે ? પેટ્રોલીયમ મંત્રી હરદીપ સિંહ પુરી કે બીજા કોઈ મંત્રી ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલનો પ્રચાર કરતા નથી જ્યારે ગડકરી તો એક તક છોડતા નથી. પોતે ઈથેનોલથી ચાલતી કાર વાપરે છે એવો પ્રચાર કરવાથી માંડીને ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલથી ચાલતી કાર કે પેટ્રોલ પંપના લોચિંગમાં પણ નીતિન ગડકરી જ દેખાય છે. મોદી સરકારે ગડકરીને ઈથેનોલના પ્રચાર ની જવાબદારી સોંપી નથી છતાં ગડકરી જાતે જ ઈથેનોલના બ્રાન્ડ એમ્બેસેડર કેમ બની ગયા છે ? આ વર્તન શંકાસ્પદ છે જ. ગડકરીના ટીકાકારો તો એવું પણ કહે છે કે, ગડકરીના પુત્રો ઈથેનોલ બનાવતી કંપનીઓ વતી સરકારમાં લોબિઈંગ કરે છે તેથી ગડકરી ઈથેનોલ આટલી બધી કૂદાકીદ કરી રહ્યા છે. બીજા કોઈ મંત્રી નથી બતાવતા એટલો ઉત્સાહ ગડકરી બતાવી રહ્યા છે એ જોતાં આ વાત સાચી હોઈ શકે. ■

sanjogpurti@gmail.com

# ખોદણી કરવાની સાચી રીત અને આધુનિક રીત

ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા



'ઓલો ગગલો પેલીને પરણી લાવ્યો, પણ એ એના કહ્યામાં નથી! ઓલાની છોડી પેલા હારે ભાગી ગઈ, ઈ એ જ લાગનો હતો! આખો દી ગામને બહુ શીખમણ આપતો હતો, લે હવે પોતાની જ છોડી પેલા પ્રેમલા હારે પલાયન થઈ ગઈ!'

આવા ડોહાઓ ગામની કલ્લી કરવામાં જ બાકી રાખતા નથી. પરિણામે, ધંધામાં ખોટ જાય, કરોડપતિમાંથી રોડપતિ થઈ જવાય, એટલે પછી પાછા ડાયા થઈને જ્ઞાન વહેંચે: 'કરમ કોઈને મૂકતું નથી!' કોઈ ફલાણા માણસનું ખાસ ધ્યાન રાખવા ચેતવણી પણ આપે કે ઈ માણસ ગામના પચીસ જણાના બુચ મારીને બેઠો છે, લાખો રૂપિયાનું ફૂલેકું ફેરવીને કોઈને પાઈ-ફદિયો પાછો આપ્યો નથી.

અહીં પહેલેથી જ સ્પષ્ટતા કરી આપીએ કે આ કોઈ ખેતીકામ, બાંધકામ કે સિવિલ એન્જિનિયરિંગ વિષયક લેખ નથી. એટલે જો વૃક્ષારોપણ કરવા માટે ખાડા કે પછી મકાનના પાયા કઈ રીતે ખોદવા તે શીખવા મળશે એવી આશાએ તમે આ આ લેખમાં પ્રવેશ કર્યો હોય, તો અત્રેથી જ સાગમટે બહાર નીકળી જવું.

આ એવી ખોદણી છે કે જેમાં તમને કુહાડી, પાવડો, ત્રિકમ, કોદાળી, ટ્રાવેલ, ખૂંટી, હથોડી, એક્સેવેટર, બેકહો લોડર, બુલડોઝર, ડ્રિલિંગ મશીન, જેકહેમર, ટનલ બોરિંગ મશીન, હળ કે ડ્રેઝિંગ મશીન સહિતના કોઈ સાધનો ઉપયોગી થવાના નથી. મતલબ કે આવા સાધનો ખરીદવાના કે ભાડે લાવવાના પણ નથી.

બીજી સ્પષ્ટતા એ છે કે આ એક પ્યોર બૌધ્ધિક ખોદણીની વાત છે. જેમાં કોઈ પણ પ્રકારના ભૌતિક સાધનોની મદદ વગર જ સૂક્ષ્મ પ્રકારે અધિભૌતિક ખોદણી કરવામાં આ લેખ મદદરૂપ બનશે. તેથી માત્ર ઉચ્ચ કક્ષાના બૌધ્ધિકોએ જ આ લેખમાં આગળ વધવું. સામાન્ય લોકો માટે આ લેખ નથી.

એનો અર્થ એવો નથી કે સામાન્ય લોકો ખોદણી કરતા નથી. ઊલટાનું, સામાન્ય લોકો તો ખોદણી કરવામાં સૌથી વધુ રસ ધરાવે છે. કમનસીબી એ છે કે તેઓ ક્યારેય બુધ્ધિપૂર્વક ખોદણી કાર્ય કરતા નથી. સામાન્ય લોકો સામાન્ય રીતે કામના સ્થળે (દાખલા તરીકે જમીનનું ખોદકામ કરતી વખતે મજૂરો ખોદણી કરતા હોય, ત્યારે એક પંથ દો કાજ એટલે કે મજૂરી કરતાં કરતાં કલ્લી કરવાની!), ગામના ચોરે, પાનની દુકાને, રેશનની દુકાને લાઈનમાં ઊભા રહીને વગેરે-વગેરે અનેક સ્થળોએ ખોદણી કાર્ય કરતા હોય છે.

પરંતુ, આ તમામ સ્થળોએ એક કામમાં બે કામ કરતા હોવા છતાં તેઓ ખોદણી બાબતમાં અત્યંત જુનવાણી હોય છે. આપણા ગામના ડોહાઓને તો મોટા ભાગે ખોદણી કરતા આવડતું જ નથી! દાખલા તરીકે, ગામના ચોરે બેસીને ડોહો બીજા ડોહાને કહેશે:

ગામના ચોરે, લગ્નના કે મરણના ડાયરામાં, પાન-ગલ્લે, કે ઓફિસમાં અથવા તો મજૂરી જેવા કામ કરતી વખતે થતી આ પ્રકારની ખોદણીઓ અત્યંત પરંપરાગત અને જુનવાણી પ્રકારની હોય છે. આવી ડોબાત્મકતાથી ભરેલી ખોદણી માત્ર ક્ષણિક આનંદ આપે છે. આ ખોદણી જરાય રિઝલ્ટ ઓરિએન્ટેડ નથી! અને જો કદાચ રિઝલ્ટ આવતું હોય તો એ ખરેખર ઊંધું આવે છે. કારણ કે, જે વ્યક્તિ સમક્ષ તમે જેની ખોદણી કરી રહ્યા છો, એ વ્યક્તિ સુધી વાત તરત જ કોપી-પેસ્ટ થઈ જાય છે.

તમે એક વ્યક્તિને એમ કહો કે, 'ગગજીભાઈનો ગગલો ગામમાં પચાસ જણાના રૂપિયા ડૂબડીને બેઠો છે,' એટલે અમુક કલાકોમાં કે દિવસોમાં આ વાત સીધી ગગજીભાઈના ગગલાના કાન સુધી પહોંચી જશે. પછી ગગલો સામું ધસીને તમને કહેવા આવશે:

'અમે ભલે ગામના રૂપિયાના ગમે તેટલા બુચ માર્યા હોય, પણ એનાથી તમારા પરમ પૂજ્ય પિતાશ્રીનું કાંઈ જતું નથી! તમારી પાસેથી અમે ક્યારે રૂપિયા ઉછીના માંગવા આવ્યા હતા તે બોલો!'

(આમાં 'પરમ પૂજ્ય પિતાશ્રી' શબ્દ તો આપણે થોડો શિષ્ટ વાપર્યો છે, બાકી એ તો સાક્ષાત છૂટી સરવાણી જ વહાવશે!) આમ, આ જુનવાણી પધ્ધતિમાં જેની ખોદણી તમે કરી રહ્યા છો તેની સાથે શારીરિક, માનસિક કે શાબ્દિક ડખા થવાની પૂરેપૂરી સંભાવના રહે છે.

તો શું કોઈની ખોદણી નહીં કરવાની? ખોદણી જેવી જીવનની સર્વોચ્ચ લિજ્જત અને દિવ્ય આનંદ નહીં માણવાનો?

અરે ભાઈ, ખોદણી જેવી બીજી કોઈ મજા જ નથી, પરંતુ આ જૂની અને ઘસાઈ ગયેલી સિસ્ટમથી ખોદણી કરવાનો ક્યારેય વિચાર પણ કરતા નહીં! હું તમને બતાવી રહ્યો છું ખોદણી કરવાની એકદમ અદ્યતન, અત્યાધુનિક અને વૈજ્ઞાનિક સિસ્ટમ. ■

naranbaraiya277@gmail.com

# ગુરુપૂર્ણિમા: આત્મા શુધ્ધિનો ઉત્સવ..



સામાજિક અને શૈક્ષણિક



ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

૨૯ જુલાઈના રોજ ગુરુપૂર્ણિમાનો પાવન અવસર સમગ્ર દેશમાં ઉજવાયો. તક્ષશીલા, નાલંદા, કાશી, વિક્રમશીલા, વલભી જેવી વિદ્યાપીઠોમાં આપણા ઋષિઓ અથવા ગુરુ વિદ્યાર્થીઓને કેળવતા હતા.કેળવણીનું મુખ્ય કાર્ય કેળવવાનું છે. ૬૪ પ્રકારની વિદ્યાઓ પ્રદાન કરવામાં આવતી હતી. પહેલો ગુરુ માતા, બીજો ગુરુ પિતા અને તૃતીય ગુરુઓ આપણા શિક્ષકો હતા. તૈત્તરીય ઉપનિષદમાં શિષ્યોના દીક્ષાંત સમારંભમાં ગુરુ પોતાના શિષ્યો પાસે વચન લેતા હતા. શિષ્યએ પોતાના ગુરુને ત્રણ વચન આપવા પડતા હતા. માતા અને પિતાની યાજ્ઞાનું પાલન કરીશ તેમજ ગુરુનું ગૌરવ સમગ્ર જીવન દરમિયાન કેળવીશ અને જાળવીશ. વચન પ્રમાણે શિષ્યો તે પ્રમાણે સમાજ જીવનમાં જીવી બતાવતા હતા.ગુરુકુળમાંથી નીકળેલો વિદ્યાર્થી શ્રેષ્ઠ રાજા બનતો હતો. રાજ્યની સામાજિક,આર્થિક,ધાર્મિક, સાંસ્કૃતિક અને લોકસેવાકીય પ્રવૃતિ ગુરુની યાજ્ઞા પ્રમાણે નિભાવતો હતો.

૭૨ હજારથી વધારે ગુરુકુળ ધરાવતો આ દેશ વિશ્વની ધરોહર હતો. આ દેશ વિજ્ઞાન અને ટેકનોલોજી, સાંસ્કૃતિકતા,સમાનતા,સામાજિકતા અને વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. પ્રાકૃતિક વ્યવસ્થા, કુદરતી સંપત્તિ અને શ્રમિક જીવન હોવાથી આ દેશની સંસ્કૃતિ ભવ્ય અને દિવ્ય હતી.

અંગ્રેજોના આગમન પછી ભારતની શિક્ષણ વ્યવસ્થામાં કુઠારાઘાત થયો. મેકોલો શિક્ષણ પધ્ધતિ અમલમાં આવી. ભારતીયોને અંગ્રેજો બનાવવાની સિસ્ટમ એક્ટિવ થઈ તેમાંથી માત્ર ક્લાર્ક નિર્માણ થયા.ભારતીય લોકોના હુન્નર અને કલાને વારંવાર નુકસાન થયું.આજે અધતન ભૌતિક સગવડ વાળી શાળાઓ અને કોલેજો નિર્માણ થઈ છે.પરંતુ વર્ગની અંદર જે રાષ્ટ્રભાવનાવાળું શિક્ષણ પ્રદાન થવું જોઈએ ત્યાં ત્રુટી દેખાય છે. માત્ર પેપર ફૂટી જવા, અમીચંદો પેદા થવા, ગદ્દારી કરવી આ બધા દૂષણો છે. આજે દેશની સિસ્ટમ બની ગઈ છે. આ સિસ્ટમમાંથી બહાર આવવું હોય તો શિક્ષણએ સિંહણનું ધાવણ છે. રાષ્ટ્રભાવના એજ સર્વોપરી છે. આ બાબત પાઠ્યક્રમથી માંડીને પીએચડી સુધી નિર્માણ થવી જોઈએ. ગમે તેટલી ડિગ્રીઓ હોય પરંતુ રાષ્ટ્ર માટેની નૈતિક ભાવના નિમ્ન હોય તો તેનો કોઈ અર્થ ખરો?ગમે તેટલા ગુરુપૂર્ણિમાના દિવસો ઉજવશું પરંતુ તે ગુરુઓનું સરકારમાં રહેલા નેતાઓ અને આમ જનતામાં મૂલ્ય નહીં હોય ત્યાં સુધી બધું જ નિરર્થક છે? ચાર ચોપડી ભણેલા લોકો સિસ્ટમમાં હોય પછી ક્યાંથી સુધારો આવે? શિક્ષણમાં શિક્ષણ સિવાયની કોઈપણ પ્રવૃત્તિ ન હોય તો જ રાષ્ટ્રની શિક્ષણ વ્યવસ્થા સબળ બની શકશે. સો પ્રકારના બીજા કામ (શિક્ષણ સિવાયના)આપીને વર્ગ વ્યવસ્થા કઈ રીતે ઝડબે સલાક બનાવી શકાય?

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં બજેટના છ ટકા શિક્ષણ ક્ષેત્રે ફાળવવા માટે પોલીસીમાં પ્રાવધાન કરવામાં આવ્યું છે. જ્ઞાન સહાયક, ફિક્સ પગાર કોન્ટ્રાક્ટ બેઝ આનાથી શિક્ષણની ગુણવત્તા વધશે? શિક્ષકો પણ હવે પગારદારી બની ચૂક્યા છે.(બધા નહીં) જ્યાં સુધી અંતરની ભાવનાઓ બાળકના હૃદય ભાવોને જીવંત નહીં બનાવે ત્યાં સુધી બધું જ શિક્ષણ નકામું છે? ગુરુનો અર્થ થાય અંધકાળથી પ્રકાશ તરફ લઈ જવાનો છે. તેવું ખરેખર શાળાઓમાં થાય છે? ગુરુપૂર્ણિમાના દિવસે માત્ર વિદ્યાર્થીઓ આપણા પગે પડે તે એક દિવસ માટેનો આ પર્વ નથી. બાળકોમાં એવું જ શિક્ષણ નિર્માણ કરીએ કે આવનાર ભવિષ્ય ભવ્ય અને ઉજવળ હોય. બાળકોની નૈતિક હિંમત અને રાષ્ટ્રભાવના નિર્માણ કરી આદર્શ વિદ્યાર્થી બનાવવાનું કાર્ય શિક્ષક મિત્રોએ કરવાનું છે. માત્ર વિષય વસ્તુનું શિક્ષણ આપી દેવાથી કદાચ ટકા આવશે પરંતુ આદર્શ વિદ્યાર્થી નિર્માણ કરવો હશે તો તેનામાં પડેલી સ્કિલ અને કૌશલ્ય નિર્માણ કરવી પડશે.


મહર્ષિ વેદવ્યાસથી શરૂ થયેલી આ ગુરુપરંપરા આજે ડિજિટલ યુગ સુધી પહોંચી છે.વેદવ્યાસજીએ આપણને અક્ષરજ્ઞાન અને ગ્રંથો આપ્યા, જ્યારે આજના યુગે આપણને ગ્લોબલ ઈન્ફર્મેશન આપી. પરંતુ બંનેનો મૂળ હેતુ તો એક જ છે.માણસને શ્રેષ્ઠ બનાવવો.ગુરુ એ કોઈ સ્થૂળ શરીર નથી, પણ એક 'તત્વ' છે. જે તમારામાંથી નકારાત્મકતા દૂર કરે, જે તમને પડ્યા પછી ફરી ઊભા થવાની તાકાત આપે જે તમારા વિચારોને ધાર આપે અને તમારા આત્માને જગાડે એ બધું જ ગુરુ કરી શકે છે. તે માતા-પિતા હોઈ શકે, શાળાના શિક્ષક હોઈ શકે, જીવનનો કડવો-મીઠો અનુભવ હોઈ શકે, કે પછી ઈન્ટરનેટનો કોઈ અદ્‌ભુત સ્રોત હોઈ શકે.

ગુરુપૂર્ણિમાના આ પવિત્ર અવસરે ચાલો આપણે એ દરેક વ્યક્તિ, દરેક માધ્યમ અને દરેક અનુભવનો આભાર માનીએ જેણે આપણને ગઈકાલ કરતાં આજે થોડા વધુ સમજદાર બનાવ્યા છે.કંઠી બાંધવી કે ન બાંધવી એ બૌદ્ધિક પસંદગી હોઈ શકે છે, પણ શીખવાની વૃત્તિ ખુલ્લી રાખવી એ જીવનનો સાચો ધર્મ છે. જ્યાંથી પણ સત્ત, સત્ય અને સમર્પણનો પ્રકાશ મળેએ પ્રકાશને જીલી લેવો એ જ સાચી ગુરુવંદના છે.સૌ ગુરુતત્વો અને માર્ગદર્શકોને ગુરુપૂર્ણિમાની હાર્દિક વંદના!

જ્યાં સુધી અંતર આત્માનો પોકાર બાળકના હૃદય સુધી પહોંચવાની તીવ્રતા નિર્માણ નહીં કરે ત્યાં સુધી બધી જ ગુરુપૂર્ણિમા માત્ર દિવસ પૂર્તિ રહેશે. સૌ વાચક વર્ગને ગુરુપૂર્ણિમાના વંદન. એક શિક્ષકનો આત્મા કેવો હોય તે ગુરુપૂર્ણિમાના આચરણ અને આદર્શમાંથી જોવા મળશે. સૌને શિશવંદના કરીને દંડવત સાથે વંદન કરું છું. મારા રાજ્યના શિક્ષકો શ્રેષ્ઠ કાર્યો થકી જ વર્ગને ઉજાગર બનાવશે તેવી આશા સેવું છું. વિદ્યાર્થી દેવો ભવ: ■

Mo.9825702282

# આંતરડાના કૃમિનો ઉપદ્રવ : કારણો, લક્ષણો અને હોમિયોપેથિક અભિગમ



"સ્વચ્છતા, યોગ્ય આહાર અને સમયસર નિદાન કૃમિ સંક્રમણથી બચાવની ત્રણ મહત્વપૂર્ણ ચાવીઓ છે."

આંતરડામાં રહેતા પરોપજીવી કૃમિઓને સામાન્ય ભાષામાં "કરમિયા" અથવા "કૃમિ" તરીકે ઓળખવામાં આવે છે. ખાસ કરીને બાળકોમાં આ સમસ્યા વધુ જોવા મળે છે, પરંતુ પુખ્ત વયના લોકો પણ તેનાથી પ્રભાવિત થઈ શકે છે. રાઉન્ડવર્મ, હૂકવર્મ, વ્હીપવર્મ અને પિનવર્મ જેવા વિવિધ પ્રકારના કૃમિ માનવ શરીરમાં સંક્રમણ કરી શકે છે. ઘણા હળવા સંક્રમણોમાં કોઈ ખાસ લક્ષણો જોવા મળતા નથી, જ્યારે વધુ પ્રમાણમાં કૃમિ હોય ત્યારે પેટમાં દુખાવો, ભૂખમાં ફેરફાર, ઝાડા, નબળાઈ, કુપોષણ અને કેટલીક પરિસ્થિતિમાં એનિમિયા જેવી સમસ્યાઓ થઈ શકે છે.

કૃમિ શરીરમાં કેવી રીતે પ્રવેશે છે?

દૂષિત માટી, અશુધ્ધ પાણી, યોગ્ય રીતે ન ધોયેલા ફળ-શાકભાજી, ગંદા હાથ અને અસ્વચ્છ ખોરાક કૃમિના ઈંડા શરીરમાં પ્રવેશવાનું કારણ બની શકે છે. બાળકોમાં હાથ મોઢામાં નાખવાની ટેવને કારણે સંક્રમણનું જોખમ વધે છે. કેટલાક કૃમિના લાર્વા દૂષિત માટી પર ખુલ્લા પગે ચાલવાથી પણ શરીરમાં પ્રવેશી શકે છે.



હોમિયોપેથીક
ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા : ડો. નંદિની

મુખ્ય લક્ષણો

કૃમિ સંક્રમણના લક્ષણો વ્યક્તિ અને કૃમિના પ્રકાર પ્રમાણે અલગ હોઈ શકે છે. સામાન્ય રીતે નીચેના લક્ષણો જોવા મળી શકે છે:

- પેટમાં દુખાવો અથવા અસ્વસ્થતા
- ભૂખમાં ઘટાડો અથવા ક્યારેક અસામાન્ય ભૂખ
- ઉબકા અને ક્યારેક ઊલટી
- ઝાડા અથવા પાચનની તકલીફ
- વજનમાં ઘટાડો અથવા બાળકોમાં યોગ્ય વૃધ્ધિ ન થવી
- નબળાઈ અને થાક
- હૂકવર્મના સંક્રમણમાં આયર્ન-ડેફિશિયન્સી એનિમિયા
- મળમાં કૃમિ દેખાવા
- પિનવર્મમાં ખાસ કરીને રાત્રે ગુદાની આસપાસ ખંજવાળ અને ઊંઘમાં ખલેલ

પિનવર્મમાં રાત્રિના સમયે ગુદાની આસપાસ થતી ખંજવાળ એક મહત્વપૂર્ણ સંકેત હોઈ શકે છે.

નિદાન કેમ જરૂરી છે?

દરેક પેટની તકલીફને માત્ર "કૃમિ" માની લેવી યોગ્ય નથી. લક્ષણો અનુસાર તબીબી તપાસ, સ્ટૂલ ટેસ્ટ અથવા પિનવર્મ માટે યોગ્ય ટેસ્ટની જરૂર પડી શકે છે. ભારે સંક્રમણમાં ક્યારેક આંતરડામાં અવરોધ જેવી ગંભીર જટિલતા પણ થઈ શકે છે, તેથી સતત પેટમાં દુખાવો, વારંવાર ઊલટી, લોહીની ઉણપ, વજનમાં નોંધપાત્ર ઘટાડો અથવા બાળકની વૃધ્ધિ અટકતી જણાય તો તબીબી સલાહ લેવી જરૂરી છે.

હોમિયોપેથીનો અભિગમ

હોમિયોપેથીમાં દર્દીના માત્ર "કૃમિ"ના નિદાનને બદલે વ્યક્તિના સંપૂર્ણ લક્ષણચિત્ર, શારીરિક લક્ષણો, ભૂખ-તરસ, પાચનક્રિયા, ઊંઘ, સ્વભાવ અને અન્ય વિશિષ્ટ લક્ષણોને ધ્યાનમાં રાખીને દવાની પસંદગી કરવામાં આવે છે.

પરંપરાગત હોમિયોપેથિક સાહિત્યમાં કૃમિ સંબંધિત લક્ષણોમાં નીચેની દવાઓનો ઉલ્લેખ જોવા મળે છે:

sanjogpurti@gmail.com

# નેપાળમાં ઝેન જી કરીને એક આંદોલન ઊભું થયું



બકાને હમજાઈ ન્હોતું રહ્યું કે, આ આજકાલ તમે મોબાઈલ ખોલો, દિલ્હી હમાચાર. ટી.વી. ચાલું કરો, દિલ્હી હમાચાર. છાપું ઉઘાડો, દિલ્હીની હેડલાઈન.

આ બધાથી કંટાળીને પાને ગલ્લે કે ચાની કીટલીએ આંટો મારવાં જાવ ત્યાં પણ, દિલ્હી.. દિલ્હી.. દિલ્હી..!! આખરે આજકાલ આ દિલ્હીમાં હાલી હું રહ્યું છે? જંતર મંતરમા કોનું જંતર વાગી રહ્યું છે? અને કોણ મંત્ર મારી રહ્યું છે?

બનેવીલાલ ફરતિયાળ માણસ. બકાએ સીધું જ એમને જ પૂછ્યું.

"બનેવીલાલ! આ દિલ્હીની પળોજણ શું છે?

કેમ બધે જ એની જ ચર્ચા થાય છે?"

"તમને નથી ખબર? "

"ના..આ.! નાનકડો માણસ કેટલું'ક ધ્યાન રાખે? અમેરિકાના માથાં ફરેલાં ટ્રમ્પે આજે નવું કયું એલાન કર્યું? ઈરાને ક્યાં ક્યાં ડ્રોનથી હુમલાઓ કર્યા? પાકિસ્તાનને બે ટંક ખાવાનું મળ્યું કે નહીં? આવી નાની નાની ખબર માંડ માંડ રાખી શકાય છે. એમાં મારે દિલ્હીની ખબર ક્યાં રાખવી."

"અચ્છા તો તમને અમેરિકા,ઈરાન અને પાકિસ્તાનની ખબર છે? તો.. પછી, નેપાળની'ય ખબર હશે ને..!!?"

"નેપાળ? હા..! એક નેપાળી અમારે ત્યાં રાત્રે ચક્કર મારવાં આવે છે. અને મહિને દસ વીસ રૂપિયા લઈ જાય છે."

"ખેર..! તમે ઝેન જી નામ હાંભળયું છે?"

"ભારતમાં તો આવું નામ કોઈ નો રાખે. પણ, હા ડબલ નાગરિકતા ધરાવતી વ્યક્તિ પોતાનાં છોકરાનું નામ રાખી શકે. પણ, હાલે તો ઈ ય શક્ય નથી. લગન વગર છોકરાંનું નામ? જવા દો..! તમે જ કહો..આ ઝેન જી છે કોણ?"

"નેપાળમાં ઝેન જી કરીને એક આંદોલન ઊભું થયું. એટલું જ નહીં, ચૂંટણી આવી તો એની સરકાર પણ બની ગઈ. (જો કે આ ઝેન જી ને હવે આ બલેન સરકાર હામે'ય વાંધો છે.) આ ઝેન જી એ ત્યાં મોટી તબાહી મચાવી દીધી તી. એનાં છાંટા આપણે ત્યાંઆ ઊડ્યા છે."



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"એટલે આપણે ત્યાંય એવું થાહે..!?"

"સપના તો ઘણાં'યને એવાં જ આવે છે. અને કદાચ! હાચા'ય પડે. (ગયઢા ગાડા પાછાં વાળે. આ કહેવત તો હાંભળી'તી. પણ, આ યુવાનો'ય આવાં કેટ કેટલા :ય ગાડા પાછાં વાળશે ઈ નહોતી ખબર.)"

"હા પણ, એ લોકો કોણ છે? અને એમની માંગ હું છે?"

"હકાવવાવાળા તો વિદેશથી આવ્યા છે. પણ સ્વીગીના ટિફિન ખાઈને માર ખાવાવાળા આપણાં જ છે."

"હા પણ, એમની માંગ હું છે? એમને હું જોઈએ છે?"

"શિક્ષણ પ્રધાનનું રાજીનામું. તો કોઈને મોદીનું રાજીનામું, તો કેટલાકને વળી આખી સરકારનું રાજીનામું જોઈએ છે. (હારીથી છીંક આવે એટલે માંગ બદલી જાય છે.)"

"આ બધાંનું કારણ હું છે? "

"રાજકારણ!?? છતાંય નીટનુ પેપર ફૂટી ગયું. એ મોટું કારણ છે."

"તો..ઓ..આ આંદોલન કરવાવાળા હંધાય નીટના વિદ્યાર્થીઓ હશે ને..!?"

"ના..આ..! એ તો ક્યાંરના ભણવામાં લાગી ગયાં છે.

તો પછી આ આંદોલનકારીઓ કોણ છે?"

"કદાચ! ઊભાં કરેલાં હોય! એવું બેરાલાલે ક્યાંક હાંભળયું "તું." "છતાંય..! આખરે એમને જોઈએ હું ?"

" સરકારી નોકરી..!! અને બેઠાં બેઠાં પગાર!!"

બેરાલાલને વચ્ચે બોલવાનું મન થયું.

"હાંભળો.. હાંભળો..! મેં એક ઘટના (હાંભળી તી) વાંચી તી.

પોલેન્ડમાં એક કાર ઉત્પાદક કંપની છે."ફોકસવેગન "આ કંપનીને પાવરની ખૂબ મોટી જરુરીયાત હતી.

એમણે ૩૧૦૦૦/- હજાર પેનલ લગાવીને પોતાની પાવરની જરુરીયાત પુરી કરી. "

બનેવીલાલે ટોણો માર્યો.

"તે..એ..! એમાં કયો મોટો મીર માર્યો!! આપણે ત્યાં આખાં ગામને ગામ પોતાએ ઉત્પન્ન કરેલી વિજળી જ વાપરે છે."

"તમે તો જમાઈ ભારે ઉતાવળાં. પુરી વાત તો હાંભળો. આ"ફોક્સવેગન" કંપનીએ એકસો ઘેંટાને નોકરીએ રાખ્યા."

"કેમ ! ? ત્યાં માણસો નથી મળતાં? આપણે ત્યાં જંતર મંતરમા રખડે છે. ગલી ગલીમાં આંટાફેરા મારે છે. અને ત્યાં માણસો નથી મળતાં?"

"ના..આ..! સાવ એવું 'ય નથી. પેલા માણસો જ હતાં. પણ આજકાલ માણસોને દિલ દઈને કામ જ ક્યાં કરવું છે? એટલે માણસોને છૂટાં કરી દીધાં. એમની જગ્યાએ સો ઘેટાં નોકરીએ રાખ્યા."

"હા પણ, આ ઘેટાં કરે છે શું?"

"જે ખેતરમાં સોલાર પેનલ લગાવી છે. ત્યાં જમીનમાં પેનલ નીચે ઘાસ ઊગી નીકળે છે. અને એને વારંવાર કાપવું પડે છે. માણસો આ કામમાં આળસ કરતાં તા.

હવે સો ઘેટાંઓ રોજેરોજ આવીને ઘાસ ચરવાં લાગે છે. અને ઘેટાંનો માલિક દૂધમાં પણ ભાગ આપે છે.

આની ચર્ચા આજે દુનિયાભરમાં ચાલી રહી છે."

બનેવીલાલને અચરજ થયું. "માળું ખરું કહેવાય હોં!! આપણે ત્યાં કીલોના ભાવે કામ વગરનાં મળે છે. અને ત્યાં ઘેટાંને 'ય નોકરી મળે છે."

kalubhaibhad123@gmail.com


# બચો ટ્રાવેલ સિકનેસથી... આ રીતે




સફર દરમિયાન ક્યાંક વાતાવરણ ને કારણે, ક્યાંક ફૂડને કારણે કે ક્યાંક પાણીને કારણે આપના સ્વાસ્થ્ય પર કોઈ સમસ્યા આવી પડે, તો એને નિવારવાના આ ઉપાય અપનાવો અને સફરનો ખુલ્લા મને આનંદ ઉઠાવો. . !

સફર દરમિયાન તબિયત બગાડવાને ટ્રાવેલ સિકનેસ કહે છે. જોકે આ બહુ અનિયમિત પરિસ્થિતિ હોય છે, જે સંપૂર્ણપણે તોડી દે છે. સફરમાં થનારી આ ચીજ કોઈને પણ થઈ શકે છે, જોકે મહિલાઓ અને ૩ થી ૧૨ વર્ષ સુધીના બાળકોને આ પરેશાની વધુ અસર કરે છે.

ટ્રાવેલ સિકનેસ કાનના આંતરિક હિસ્સાને બેચેન કરી દેનારી અસર છે, જે વારંવાર થનારી ગતિવિધિઓ જેવી કે વહાણના મોજાં, ઓટોનો અવાજ, પ્લેનનો અવાજ વગેરે કારણસર આ અસર થાય છે. કાનનો આંતરિક ભાગ એવી આંખો, વિવિધ ઈશારા આપને મહેસૂસ કરે છે, જે ને તમારી આંખ જુએ છે અને પછી તે મગજને સંદેશો મોકલે છે અને પરેશાની ઉત્પન્ન કરે છે.



પ્રવાસનામા
જયસ્વી પટેલ

ટ્રાવેલ સિકનેસના લક્ષણોઃ ઉબકા આવવા, ત્વચા ફીકી પડવી, પરસેવો છૂટવો, ઊલટી થવી, ચક્કર આવવા, માથું દુખવું, થાક લાગવો વગેરે.

ટ્રાવેલ સિકનેસના કારણોઃ સફર દરમિયાન થનારી આ પરેશાનીનું સૌથી મોટું કારણ એ છે કે આ ન્યુરોટોક્સિનની વિરુધ્ધ માનસિક સુરક્ષા રૂપે પેદા થાય છે. આપણું શરીર ગતિમાં હોય છે, એની ખબર આપણું મગજ સંવેદી સિસટમના ત્રણ અલગ-અલગ ભાગો - કાનના અંદરના ભાગો, આંખો અને શરીરના ને કરે છે. દા.ત. જો આંખો મગજને બતાવે છે કે વ્યક્તિ બેઠેલો છે, જ્યારે વેસ્ટિબુલર ફ્રેમવર્કમાં માથાની ગતિવિધિઓ ખ્યાલ આવે છે, તો એ મગજને સંદેશો આપીને ચક્કર અપાવે છે અને સફર દરમિયાન થનારી પરેશાનીનો સંકેત આપે છે. કાનના આંતરિક ભાગો દ્વારા ગતિવિધિઓની ઓળખ ન થવા કાર. સફર દરમિયાન થનારી પીડા નથી થતી, જેથી ખબર પડે છે કે સફરમાં થનારા કષ્ટને વધારવામાં કાનનો આંતરિક ભાગ મુખ્ય ભૂમિકા નિભાવે છે.

નેત્રહીન લોકોમાં પણ સફર દરમિયાન થનારી પીડા જોવા મળવાનું કારણ એ મનાય છે કે દ્રશ્ય ઈનપુટ એમનામાં ઓછી ભૂમિકા નિભાવે છે. મુવમેન્ટ સિકનેસ થાય છે ત્યાં સુધી જસ્ટિસ પ્રકારના ડેવલપમેન્ટને કારણ થાય છે.

પરેશાનીઓને દૂર કરવાના - ઘટાડવાના ઉપાયઃ

સફર દરમિયાન હંમેશાં કુદરતી હવા લેવાનો પ્રયાસ કરો, કેમ કે આપના માટે શ્વાસ લેવો જરૂરી હોઈ, તમે સારું મહેસૂસ કરશો.

દરિયાઈ સફર દરમિયાન માથું અને શરીરની ગતિવિધિઓ ઓછી કરો. તમે આરામ કરી શકો છો કે કમર ટેકવી શકો છો. કોઈ તકિયા દ્વારા આપના માથાને સ્થિર રાખી શકો છો.

પોતાને એવી સ્થિતિમાં રાખો, જ્યાં આપને ઓછીમાં ઓછી ગતિવિધિઓનો અહેસાસ થાય, જેમ કે કોઈ વહાણમાં સેન્ટરની ઉપર.

જ્યારે ઓટો કે ગાડી દ્વારા સફર કરતી વખતે પરેશાની થાય, તો પાછળની સીટ પર બેસવાથી બચો. પાછળ બેસીને પુસ્તક વાંચવાને બદલે સામેની સીટ પર બેસવાથી આપને ગતિ સંબંધિત પ્રોબ્લેમ ઓછા પરેશાન કરશે, જે આ પરેશાનીથી દૂર રાખશે.

લાંબી સફરમાં બહુ વધુ પડતું ન ખાવ, દરિયાઈ સફર પૂર્વે હળવું ખાવાનું ખાવ અને લાંબા ટ્રેક પર ઓછી માત્રામાં થોડી થોડી વારે ખાવ.

સફર દરમિયાન ક્યારેય તમારી આંખો બંધ ન કરો, કેમ કે એનાથી કેડીફ ગતિવિધિઓનો અહેસાસ અધિક થાય છે, અને આપને ટ્રાવેલ સિકનેસ શરૂ થઈ જાય છે. જ્યારે પણ આપને પરેશાની શરૂ થાય તો તેવા વખતે બદલાતી જતી વસ્તુઓ, બાહ્ય દ્રશ્યો વગેરે પર નજર કેન્દ્રિત કરવાનું શરૂ કરી દો.

દવા કાનની અંદરના ભાગોની તંત્રિકાઓને અને મગજના ઉબકાઓ સામૂહિક પ્રતિક્રિયાને શાંત કરે છે. દવા ત્યારે વધુ અસરકારક સાબિત બને છે, જ્યારે તેને પરેશાનીનો અહેસાસ થતાં પૂર્વે જ લેવાઈ જાય.

આ પરેશાનીઓથી બચવા માટે બારીની બહાર જુઓ કે તાજી હવાની અવરજવર માટે બારીઓને ખોલી નાખો.

થોડું લેવાથી સાઈડઈફેક્ટિવ અસરથી પણ રાહત મળે છે.

ટ્રાવેલ સિકનેસથી બચવાનો એક સરળ ઉપાય કંઈક ચાવતા રહેવાનો પણ છે. સફર દરમિયાન ચ્યુઈંગમ, કોઈ આયુર્વેદિક ગોળી, ચોકલેટ કે અન્ય સ્વાદપ્રદ ચીજ-વસ્તુ ચાવ્યા કરવાથી કે મોંમાં ઓગાળ્યા કરવાથી પણ રાહત મળે છે.

કેટલાક લોકોને રિસ્ટ બેન્ડ પહેરવાથી પણ રાહત મળે છે, જે નીડલ પોઈન્ટ થેરેપી (P6) પર દબાણ નાખે છે.

આદું કે સૂંઠ ટ્રાવેલ સિકનેસને દૂર કરવામાં મુખ્ય ભૂમિકા નિભાવે છે. ઊલટી-ઉબકાના ઉપચાર માટે પરંપરાથી આદું-સૂંઠનો ઉપયોગ થઈ રહ્યો છે.

sanjogpurti@gmail.com

# ધમાચકડી!



એક હતા સમોસાભાઈ! એકદમ ગરમાગરમ, કડક-કડક, તીખા-તમતમતા અને ત્રણ મજાના ખૂણાવાળા! સમોસાભાઈને પોતાની તીખાશ અને કડકાઈનું બહુ ઘમંડ! તે રોજ નાસ્તાની પ્લેટમાં કૂદાકૂદ કરે, પોતાની છાતી ફુલાવે અને મોટેથી ગાવા લાગેઃ

"હું છું સમોસો તીખો-તમતમતો!
મોંમાંથી બોલાવી દઉં સીઈઈઈ...!"

એક વાટકીમાં લાલ-લાલ મીઠી ચટણીબેન શાંતિથી બેઠાં હતાં. લાલ-લાલ, ગળી-ગળી અને એકદમ નરમ-નરમ! સમોસાભાઈએ ચટણીબેન સામે જોયું, પોતાના કાન ખંજવાળ્યા, એક ખૂણો ઊંચો કર્યો અને ખડખડાટ હસીને બોલ્યા, "એય ચટણી! તું તો સાવ ગળી-ગળી અને ઢીલીઢસ છે! તારામાં કોઈ તાકાત જ નથી. ચાલ, મારી સાથે ધમાચકડીની રમત રમીશ? જોઈએ આપણા બેમાંથી કોણ વધારે જીતે છે!"



રે વાર્તા!
મનીષ સુથાર

ચટણીબેન તો ગળ્યું-ગળ્યું હસ્યાં, પોતાના બે હાથ જોડ્યા અને બોલ્યાં, "ના રે ના સમોસાભાઈ! આપણે તો પાક્કા ભાઈબંધી વાળા, ધમાચકડી ને લડાઈ થોડી કરાય? આપણે તો સાથે મળીને પ્લેટમાં શોભીએ!"

પણ ઘમંડી સમોસાભાઈ કાંઈ માને ખરા? એ તો 'ઢિશુમ-ઢિશુમ' કરતા વાટકીના કિનારે ચડી ગયા, એક-બે-ત્રણ ગણ્યા અને માર્યો ગબડતો કૂદકો - 'છપાઆઆક...!' સમોસાભાઈ તો સીધા મીઠી ચટણીની વાટકીમાં અંદર!

સમોસાભાઈએ વિચાર્યું કે તે ચટણીને ભગાડી દેશે. તે તો અંદર જઈને હાથ-પગ પછાડવા લાગ્યા અને 'સરરર... સરરરપ' કરવા લાગ્યા. પણ આ શું? મીઠી ચટણીબેને તો ગુસ્સે થવાને બદલે સમોસાભાઈની ચારેબાજુ ચોંટી ગયાં.

ચટણીબેન તો સમોસાભાઈના ત્રણેય ખૂણા પર ચોંટી ગયાં! સમોસાભાઈ બહાર નીકળવા ગયા, પણ અરે બાપ રે! એમનો કડક-કડક કુરકુરતો કોટ પણ સાવ પોચો-પોચો થઈ ગયો! એમની બધી તીખાશ ગાયબ થઈ ગઈ અને એ તો સાવ ગળ્યા-ગળ્યા થઈ ગયા!


એટલામાં પિન્ટુ દોડતો-દોડતો આવ્યો. એણે ચટણીમાં બોળેલું સમોસું જોયું. એની આંખો ચમકી! - 'વાહ! સમોસું! આજે તો સમોસું ખાવાની મજા પડશે!' એણે તો ખુશ થઈને મોટું બચકું ભર્યું - 'ચપ... ચપ... ચપ...!' "વાહ! મીઠી ચટણી અને સમોસાની જોડી તો એકદમ સુપરહિટ છે! વાહ ચટણીબેન, તમે તો તીખા સમોસાભાઈને પણ ગળ્યા-મીઠા અને મજેદાર બનાવી દીધા!"

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ૧૦ ઓગસ્ટ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી, તાપમાનમાં વધારો

અમદાવાદ,તા.૦૪




ગુજરાતમાં આગામી ૧૦ ઓગસ્ટ સુધી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર-મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો સરેરાશ ૧૫.૯૯ ઈંચ સામે ૧૮.૮૭ ઈંચ વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં અંદાજે ૧૮ ટકા વધુ છે. છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદનું જોર ઘટતાં હવે તાપમાનમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ગાંધીનગરમાં એક જ દિવસમાં મહત્તમ તાપમાન ૪.૧ ડિગ્રી સેલ્સિયસ વધીને ૩૨.૬ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. અમદાવાદમાં આજે વાદળછાયું વાતાવરણ વચ્ચે એસ.જી. હાઈવે સહિત શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં નોંધાયા હતા. બીજી તરફ દરિયાકાંઠાના વિસ્તારોમાં સ્ટીપ પ્રેશર ગ્રેડિએન્ટના કારણે ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અને ઝટકામાં ૫૦ કિમી પ્રતિ કલાક સુધી પવન ફૂંકાવાની શક્યતા છે. પવનની ગતિને ધ્યાનમાં રાખીને માછીમારોને દરિયો ન ખેડવા અને જરૂરી સાવચેતી રાખવા માટે ચેતવણી આપવામાં આવી છે.

# પાસપોર્ટ માટે અરજી કરનારાઓને મોટી રાહત આપતી રાજય સરકાર

**અરજદારોને હવે પોલીસ સ્ટેશને ધક્કા ખાવાની જરૂર નહી પડે**

ગાંધીનગર,તા.૦૪

ગુજરાતમાં પાસપોર્ટ માટે અરજી કરનારા નાગરિકોને મોટી રાહત મળી છે. રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે પાસપોર્ટ વેરિફિકેશન પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શક બનાવવા તમામ પોલીસ સ્ટેશનોને નવા દિશા-નિર્દેશો આપ્યા છે. હવે પાસપોર્ટ વેરિફિકેશન માટે અરજદારે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. પોલીસ દ્વારા માત્ર અરજદારની નાગરિકતા અને ગુનાહિત પૂર્વ ઈતિહાસની જ ચકાસણી કરવામાં આવશે. સરનામાની અલગથી તપાસ કરવાની જરૂર રહેશે નહીં. નવા નિયમો મુજબ અરજદારને




પોલીસ સ્ટેશનમાં રૂબરૂ હાજર રહેવા માટે બોલાવી શકાશે નહીં તેમજ તેમની સહી લેવાની પણ જરૂર નહીં રહે. જો કોઈ કેસમાં શંકાસ્પદ સ્થિતિ ઉભી થાય અથવા વધુ તપાસ જરૂરી જણાય તો જ અપવાદરૂપ સંજોગોમાં પોલીસ અરજદારના રહેઠાણની મુલાકાત લઈ શકશે. જોકે આવા કિસ્સામાં પણ અરજદારને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવશે નહીં. નવા નિર્ણયથી પાસપોર્ટ વેરિફિકેશન પ્રક્રિયા વધુ ઝડપી અને નાગરિકમૈત્રી બનશે.

# જેલમાં બંધ આસારામના ૧૩ વર્ષ પછી હાઈકોર્ટે ૨૦ દિવસના પેરોલ મંજૂર કર્યા


**રાજસ્થાન હાઈકોર્ટે રાજ્ય સરકારની દલીલો ફગાવી શરતી પેરોલ આપ્યા**

જોધપુર,તા.૦૪

સગીર પર બળાત્કારના કેસમાં જોધપુર જેલમાં આજીવન કેદની સજા કાપી રહેલા ૮૭ વર્ષીય આસારામને ૧૩ વર્ષ બાદ પ્રથમ વખત ૨૦ દિવસના પેરોલ મળ્યા છે. રાજસ્થાન હાઈકોર્ટની ખંડપીઠે આદેશ આપતા જણાવ્યું કે પેરોલ નકારવા માટે રજૂ કરાયેલી આશંકાઓનો કોઈ નક્કર આધાર નથી. અગાઉ વચગાળાના જામીન દરમિયાન જામીનનો દુરુપયોગ કે કાયદો-વ્યવસ્થાની સમસ્યા સર્જાયાના કોઈ પુરાવા નોંધાયા નથી. કોર્ટે રૂ. ૫૦,૦૦૦ના પર્સનલ બોન્ડ અને ૨૫,૦૦૦ના બે જામીનદારોની શરતે પેરોલ મંજૂર કર્યા છે. સમયગાળો પૂર્ણ થતાં તેમને પુનઃ જેલમાં હાજર થવું પડશે.

# આસામમાં CRPF કેમ્પમાં થયેલા ગોળીબારમાં બે જવાનોના મોત નિપજાવ્યા બાદ સાથી જવાનની આત્મહત્યા

ગોવાહાટી,તા.૪



આસામના નાગાંવ જિલ્લાના કટિમારી સ્થિત સીઆરપીએફની ૩૪મી બટાલિયનના કેમ્પમાં મંગળવારે સવારે થયેલી ગોળીબારની ઘટનામાં બે જવાનોના મોત થયા હતા, જ્યારે એક જવાન ઘાયલ થયો હતો. ગોળીબાર કરનાર એએસઆઈ (જીડી) બલ્લાની પ્રેમાબરમે બાદમાં પોતાને ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાના પગલે સમગ્ર કેમ્પમાં ચકચાર મચી ગઈ હતી. નાયબ પોલીસ અધિક્ષક પરિમિતા સરકારના જણાવ્યા મુજબ, સવારે મુખ્ય દરવાજા પર ફરજ દરમિયાન પ્રેમાબરમે અચાનક પોતાના સાથી જવાનો પર ગોળીબાર કર્યો હતો. ઘટનામાં વિષ્ણુ પ્રસાદ બઘેલ અને રામનવલ સિંહ યાદવનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે એએસઆઈ ગોવિંદ શ્રીપુલ ઘાયલ થયા હતા અને તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. સીઆરપીએફ અને પોલીસના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.

# અભિનેત્રી 'ત્રિષા'પર ટિપ્પણી કેસમાં ઉદયનિધિ સ્ટાલિનની ધરપકડ

**માત્ર ૪ કલાકમાં જ પૂર્વ ઉપમુખ્યમંત્રીનો થયો છુટકારો**

ચેન્નાઈ,તા.૦૪

અભિનેત્રી ત્રિશા અને તમિલનાડુના મુખ્યમંત્રી સામે અપમાનજનક ટિપ્પણી કરવાના વિવાદમાં ચેન્નાઈ પોલીસે ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિનની તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરી છે. તંજાવુરમાં યોજાયેલી એક વિરોધ રેલી દરમિયાન કાવેરી પાણીના મુદ્દે ભાષણ આપતી વખતે ભીડમાંથી સૂત્રોચ્ચાર થતાં તેમણે વિવાદાસ્પદ અને બેવડા અર્થવાળી ટિપ્પણી કરી હતી. આ નિવેદનના વિરોધમાં ટીવીકે અને ભાજપ દ્વારા ઉદયનિધિની ધરપકડની માંગ સાથે ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે એફઆઈઆર નોંધીને તેમની અટકાયત કરી છે. જો કે ચાર કલાકમાં જ તેનો છુટકારો થયો હતો.

# રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ સામે અમેરિકાના ૨૫ રાજ્યો કોર્ટમાં પહોંચ્યા

વોશિંગ્ટન,તા.૦૪



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સહિત લગભગ ૬૦ દેશો પર લાગુ કરાયેલા સેક્શન ૩૦૧ ટેરિફ સામે અમેરિકાના ૨૫ રાજ્યોના ગઠબંધને યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડમાં કેસ દાખલ કર્યો છે. ડેમોક્રેટિક પક્ષના નેતૃત્વ હેઠળ દાખલ થયેલા આ કેસમાં દાવો કરવામાં આવ્યો છે કે ટેરિફના કારણે ગ્રાહકો તેમજ વેપારીઓ પર વધારાનો આર્થિક બોજ પડી રહ્યો છે. અરજદારોનું કહેવું છે કે ટેરિફ લાગુ કરતી વખતે જરૂરી કાનૂની પ્રક્રિયાનું યોગ્ય પાલન કરવામાં આવ્યું નથી અને નિર્ણય મનસ્વી રીતે લેવામાં આવ્યો હતો. હાલમાં ભારત પર ૧૦ ટકા ટેરિફ અમલમાં છે, જ્યારે અગાઉ ૧૨.૫ ટકા ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ભારતે બળજબરીથી મજૂરી કરાવીને બનાવવામાં આવેલી ચીજવસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂક્યા બાદ ટેરિફમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. ન્યુયોર્કના એટર્ની જનરલ લેટિશિયા જેમ્સ અને ગવર્નર કેથી હોચુલે કોર્ટ સમક્ષ આ ટેરિફને ગેરકાયદેસર જાહેર કરીને તેને રદ કરવાની માંગ કરી છે.

# ઉત્તરપ્રદેશમાં મદરેસા શિક્ષણમાં હવે ફક્ત ૧૨મા ધોરણ સુધી જ અભ્યાસ

**મદરેસાના વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ માટે યુનિવર્સિટી અથવા અન્ય માન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ લેવો પડશે**

લખનૌ,તા.૪





ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે મદરેસા શિક્ષણ પરિષદ અધિનિયમમાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે.

પ્રસ્તાવિત સુધારા મુજબ હવે મદરેસાઓમાં માત્ર આલીમ (ધોરણ-૧૨ સમકક્ષ) સુધીનું શિક્ષણ જ આપવામાં આવશે, જ્યારે કામિલ (સ્નાતક સમકક્ષ) અને ફાઝિલ (અનુસ્નાતક સમકક્ષ) ડિગ્રીનો અભ્યાસક્રમ બંધ રહેશે. આ નિર્ણય સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના નવેમ્બર ૨૦૨૪ના ચુકાદાને અનુરૂપ લેવામાં આવી રહ્યો છે, જેમાં ૧૨મા ધોરણથી ઉપરની ડિગ્રી આપવાનો અધિકાર મદરેસા બોર્ડને નથી હોવાનું સ્પષ્ટ કરાયું હતું.

સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ કામિલ અને ફાઝિલ ડિગ્રી પહેલેથી જ બંધ કરવામાં આવી હતી. હવે રાજ્ય સરકાર કાયદામાં સુધારો કરીને આ વ્યવસ્થાને કાનૂની માન્યતા આપશે. સુધારો અમલમાં આવ્યા બાદ મદરેસાના વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ માટે યુનિવર્સિટી અથવા અન્ય માન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ લેવો પડશે.

આ પ્રસ્તાવ પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં યોજાનારી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં અંતિમ નિર્ણય લેવાશે.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણકેસ-નં.૨૨૯/૨૦૨૬

**પ્રતિ,**
શેખ આયુસબેન રાજુભાઈ,
રહે. નાળીયા માંડવી, ગામ-નાળીયા માંડવી, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.વી.સોલંકી,ઉના .......અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, નાલીયા માંડવી,
**ગ્રામ પંચાયત કચેરી,નાલીયા માંડવી,** તા.ઉના, જિ.ગીરસોમનાથ .........

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના **નાળીયા માંડવી** ગામના રહીશ શેખ રાજુભાઈ મુસાભાઈ તથા શેખ આયુસબેન રાજુભાઈના **પુત્ર શેખ રફીકભાઈ રાજુભાઈનો** જન્મ તારીખ ૦૯/૧૨/૧૯૮૩ના રોજ **ઉના** તાલુકાના **નાલીયા માંડવી** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ **ગ્રામ પંચાયત કચેરી, નાલીયા માંડવી,** તાલુકો-ઉના **સને-૧૯૮૩**ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત **તા.૧૫/૦૯/૨૦૨૬**ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ **તા.૦૧/૦૮/૨૦૨૬**ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**



**જાહેર નોટીસ**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં. ૨૩૪/૨૦૨૬
જન્મ તારીખ : ૧/૧/૧૯૯૬

પરમાર ચોથાભાઈ પુનાભાઈ,
રહે. ખાપટ, ગામ-ખાપટ, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી કે. એસ. રાઠોડ તથા કે. એમ. રાઠોડ ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ખાપટ,
**ગ્રામ પંચાયત કચેરી,ખાપટ,** તા. ઉના, જિલ્લો-ગીર સોમનાથ ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પરમાર ચોથાભાઈ પુનાભાઈ, રહે. ખાપટ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર **કરશનભાઈ ચોથાભાઈ પરમારનો જન્મ તારીખ : ૧/૧/૧૯૯૬** ના રોજ ઉના તાલુકાના **ખાપટ** મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં **દિન-૩૦માં** કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ **તા.૦૧/૦૮/૨૦૨૬**નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**



**જાહેર નોટીસ**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં. ૨૩૬/૨૦૨૬
જન્મ તારીખ : ૧/૧/૧૯૯૭

મકવાણા જાનુબેન ભીખાભાઈ,
રહે. સૈયદ રાજપરા, ગામ-સૈયદ રાજપરા, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એમ.કાતીરા ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, સૈયદ રાજપરા,
**ગ્રામ પંચાયત કચેરી,સૈયદ રાજપરા,** તા.ઉના, જિ.ગીર સોમનાથ ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મકવાણા જાનુબેન ભીખાભાઈ, રહે. સૈયદ રાજપરા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્રી **મકવાણા છનુબેન ભીખાભાઈનો જન્મ તારીખ : ૧/૧/૧૯૯૭** ના રોજ ઉના તાલુકાના **સૈયદ રાજપરા** મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં **દિન-૩૦માં** કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ **તા.૦૧/૦૮/૨૦૨૬**નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**



**નામ બદલાવેલ છે**

આથી હું થડેશ્વર પરેશભાઈ પ્રાણભાઈ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ થડેશ્વર પરેશકુમાર પ્રાણલાલ માંથી બદલાવીને થડેશ્વર પરેશભાઈ પ્રાણભાઈ કરેલ છે. અને હવે પછીથી હું થડેશ્વર પરેશભાઈ પ્રાણભાઈ તરીકે ઓળખાઈશ.

સહી : થડેશ્વર પરેશભાઈ પ્રાણભાઈ



**જાહેર નોટીસ**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં. ૨૩૯/૨૦૨૬
જન્મ તારીખ : ૧/૬/૧૯૯૩

રામભાઈ જોધાભાઈ ડાભી,
રહે. સીમર, ગામ-સીમર, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, બી. જે. રાઠોડ ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, સીમર,
**ગ્રામ પંચાયત કચેરી,સીમર,** તા. ઉના, જીલ્લો-ગીર સોમનાથ ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રામભાઈ જોધાભાઈ ડાભી, રહે. સીમર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્રી **સમજુબેન રામભાઈ ડાભીનો જન્મ તારીખ : ૧/૬/૧૯૯૩** ના રોજ ઉના તાલુકાના **સીમર** મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ **તા. ૦૧/૦૮/૨૦૨૬**નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(ડી.કે.ભીમાણી)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**



**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણકેસ-નં.૨૩૭/૨૦૨૬

**પ્રતિ,**
મેર મરીયમબેન હારૂનભાઈ,
રહે. નવાબંદર, ગામ-નવાબંદર, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.વી.સોલંકી, ઉના .......અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, નવાબંદર,
**ગ્રામ પંચાયત કચેરી,નવાબંદર,** તા.ઉના, જિ.ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના **નવાબંદર** ગામના રહીશ મેર હારૂનભાઈ અબ્દુલા તથા મેર મરીયમબેન હારૂનભાઈના **પુત્રી મેર સેરબાનુ હારૂનભાઈ**નો જન્મ તારીખ ૧/૧/૧૯૮૬ના રોજ **ઉના** તાલુકાના **નવાબંદર** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ **ગ્રામ પંચાયત કચેરી,નવાબંદર,** તાલુકો-ઉના **સને-૧૯૮૬**ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરક્ત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત **તા.૧૫/૦૯/૨૦૨૬**ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ **તા.૦૧/૦૮/૨૦૨૬**ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**



**જાહેર નોટીસ**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં. ૨૨૭/૨૦૨૬
મરણ તારીખ : ૧૦/૦૮/૨૦૦૮

બાંભણીયા સોનીબેન બટુકભાઈ,
રહે. ખડા, ગામ-ખડા,
તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.વી.સોલંકી, ઉના

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ખડા, તાલુકો-ઉના, જિલ્લો-ગીરસોમનાથ

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી **બાંભણીયા સોનીબેન બટુકભાઈ,** રહે. ખડા, ગામ-ખડા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના **પતિ બાંભણીયા બટુકભાઈ ભોળાભાઈ**નું મરણ તારીખઃ ૧૦/૦૮/૨૦૦૮ ના રોજ ઉના તાલુકાના **ખડા** ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં **દિન-૩૦માં** કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૧ માહેઃ ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**



**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

**-:: જાહેર નોટીસ ::-**

**કેસ નં. જન્મ-મરણ/૭૬/૨૦૨૬**

શ્રી રાજુસિંગ ડુંગરસિંગ ચૌહાણ,
રહે. પરબ વાવડી, તા. ભેસાણ, જી. જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - પરબ વાવડી,
તા. ભેસાણ, જી. જુનાગઢ ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી રાજુસિંગ ડુંગરસિંગ ચૌહાણનો જન્મ તા. ૨૫/૧૦/૧૯૯૧ ના રોજ ગામ/મોજેઃ પરબ વાવડી, તા. ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી-પરબ વાવડી, તા. ભેંસાણ, જિ. જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૦ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

# કોડીનારના દરિયામાં છારા ગામના પાંચ કિશોરો ડૂબ્યા: ત્રણનો બચાવ, બેની શોધખોળ



**કિશોરો ડૂબ્યા હોવાની જાણ થતા ગામમાં શોકનો માહોલ**

ઉના,તા.૦૪

કોડીનાર તાલુકાના છારા ગામેથી મંગળવારે એક દુ:ખદ ઘટના સામે આવી છે. દરિયા કિનારે ફરવા ગયેલા પાંચ કિશોરો પૈકી બે કિશોરો દરિયામાં ન્હાવા માટે ઉતર્યા હતા. દરમિયાન અચાનક ઊંડા પાણી અને જોરદાર પ્રવાહમાં સપડાતા તેઓ ડૂબવા લાગ્યા હતા. મિત્રોને બચાવવા માટે અન્ય ત્રણ કિશોરો પણ દરિયામાં કૂદી પડ્યા હતા, પરંતુ તેઓ પણ દરિયાના કરંટમાં ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં નજીકમાં હાજર સ્થાનિક માછીમારો તરત જ બચાવ માટે દરિયામાં ઉતર્યા હતા. માછીમારોએ ભારે જહેમત બાદ ત્રણ કિશોરોને સુરક્ષિત બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે ખસેડ્યા હતા. જોકે બે કિશોરો દરિયાના પ્રચંડ પ્રવાહમાં તણાઈ જતા લાપતા બન્યા છે. તેમની શોધખોળ માટે સ્થાનિક તંત્ર, માછીમારો અને બચાવ ટીમ દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચિંતા અને શોકનો માહોલ સર્જ્યો છે.

# ધોરાજી-જૂનાગઢ રોડ પર ડમ્પરે બાઈકને હડફેટે લેતા દાદી-પૌત્રનું થયુ કરૂણ મોત



તસવીર : નયન ફુહાડીયા

ધોરાજી,તા.૦૪

ધોરાજીના જૂનાગઢ રોડ પર મંગળવારે સવારે એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. મોટી પરબડી ગામના રાકેશ રાજુભાઈ દેવીપૂજક પોતાના મોટરસાયકલ પર માતા સોમીબેન (ઉંમર ૪૨) અને દોઢ વર્ષના પુત્ર પ્રિન્સને બેસાડીને ધોરાજી તરફ આવી રહ્યા હતા. આ સમયે પાછળથી પૂરપાટ ઝડપે આવતા રેતી ભરેલા ડમ્પરે મોટરસાયકલને અડફેટે લીધું હતું.અકસ્માતમાં મોટરસાયકલ ફંગોળાતા રાકેશભાઈ દૂર ફેંકાયા હતા, જ્યારે તેમના માતા અને માસૂમ પુત્ર ડમ્પરના પૈડાં નીચે આવી જતાં બંનેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

ધોરાજી તાલુકા પોલીસ અને ૧૦૮ની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્ત રાકેશભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે.પોલીસ ઈન્ચાર્જ પી.આઈ. ભાવેશ પટેલના જણાવ્યા મુજબ, ફરાર અજાણ્યા ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તેને પકડવા તપાસ તેજ કરી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ જૂનાગઢ રોડ પર રેલ્વે ઓવરબ્રિજનું કામ ચાલતું હોવાથી છેલ્લા બે વર્ષથી રસ્તો અત્યંત ખરાબ છે, જેના લીધે અવારનવાર અકસ્માતો થાય છે.

# સુરતમાં હોમવર્ક કરવાનું કહેતા ધો.૭ના વિદ્યાર્થીનો આપઘાત

સુરત,તા.૦૪

સુરત શહેરના વેડ રોડ વિસ્તારમાં આવેલી લક્ષ્મીનગર સોસાયટીમાં મોબાઈલની લત સાથે જોડાયેલો એક કરુણ બનાવ સામે આવ્યો છે. અહીં રહેતા અને ધોરણ-૭માં અભ્યાસ કરતા ૧૩ વર્ષીય વિદ્યાર્થીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પ્રાથમિક માહિતી મુજબ વિદ્યાર્થી મોબાઈલમાં વ્યસ્ત હતો ત્યારે માતા-પિતાએ તેને મોબાઈલ બંધ કરીને હોમવર્ક કરવા જણાવ્યું હતું. આ વાતનું મનદુ:ખ લાગતાં તેણે આકસ્મિક રીતે આ અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. બનાવની જાણ થતાં પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. ઘટનાની માહિતી મળતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર વિસ્તારમાં આ ઘટનાએ ચકચાર મચાવી છે અને બાળકોમાં વધતી મોબાઈલની લત અંગે ફરી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# રાજકોટ નજીક લોઠડા ગામે વરસાદી પાણીના ખાડામાં ડૂબી જતા બે બાળકોના કરૂણ મોત





રાજકોટ,તા.૦૪

રાજકોટ નજીક લોઠડા ગામે વરસાદી પાણીના ખાડામાં છબછબીયા કરવા ગયેલા બે માસુમ બાળકોના ડૂબી જવાથી મોત નિપજ્યા છે. બનાવ અંગે જાણ થતા આજીડેમ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. માસુમ બાળકોના આકસ્મિક મોતથી મધ્યપ્રદેશના શ્રમિક પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.રાજકોટ નજીક લોઠડા ગામે રહેતા અને મજૂરી કામ કરતા મૂળ મધ્યપ્રદેશના ચંદ્રરોશન ગૌતમનો ૫ વર્ષીય પુત્ર હિતેશ અને ઓમકાર નિશાદની ૫ વર્ષીય પુત્રી મનિષા ગઈકાલે ઘર પાસે બીજા ત્રણ બાળકો સાથેજ રમતા હતા દરમિયાન બાળકો રમતા રમતા જે કે ગ્રીનઝોન ઈન્ડસ્ટ્રીમાં એક વરસાદી પાણી ભરેલા ખાડાં પાસે પહોંચી ગયા હતા જ્યાં બાળકો પાણીમાં છબછબીયા કરતા હતા અને અચાનક હિતેશ અને મનિષા ખાડામાં ડૂબવા લાગ્યા હતા જેથી પાડોશમાં રહેતી એક બાળકીએ જોઈ જતા દોડીને બંને બાળકોના પરિવારને જાણ કરતા પરિવારજનો સ્થળ પર દોડી આવ્યા હતા.

# સિદ્ધપુરના બિલીયા ગામમાં ૨૦૦ રૂપિયાની લાંચ લેતા VCE ઝડપાયો

પાટણ,તા.૦૪

પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના બિલીયા ગ્રામ પંચાયતમાં એન્ટી કરપ્શન બ્યુરોએ સફળ ટ્રેપ ગોઠવીને મોટી કાર્યવાહી કરી છે. જમીનના દસ્તાવેજ અને આકારણી પત્રકની કામગીરી માટે અરજદાર પાસેથી ૨૦૦ રૂપિયાની લાંચ લેતા વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રાઈઝ (VCE) મેહુલ પટેલ રંગેહાથ ઝડપાઈ ગયો છે. ગ્રામ પંચાયતમાં વિવિધ સરકારી દાખલા અને ઉતારા માટે ગેરકાયદે પૈસા માંગવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આથી કંટાળેલા અરજદારે એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીની ટીમે પંચાયત કચેરી ખાતે જ ટ્રેપ ગોઠવીને આરોપીને ઝડપી લીધો હતો અને તેની સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી છે.

# ઈંગ્લેન્ડમાં પ્રથમવાર ઐતિહાસિક સંત સંસદનું આયોજન, ગુજરાતના સંતો-મહંતો ભાગ લેશે



ભાવનગર,તા.૪

ઈંગ્લેન્ડના લંડનમાં આગામી ૭થી ૧૪ ઓગસ્ટ દરમિયાન પ્રથમવાર ભવ્ય સંત સંસદ યોજાવા જઈ રહી છે. ધ નેશનલ શક્તિ કેન્દ્રની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત આ આધ્યાત્મિક કાર્યક્રમમાં ભારતભરમાંથી જાણીતા સંતો, મહંતો અને મહામંડલેશ્વરો ભાગ લેશે. આ કાર્યક્રમમાં ગઢડા સ્થિત શ્રી ગોપીનાથજી મંદિરના પૂર્વ ચેરમેન અને જાણીતા સંત એસપી સ્વામી પણ વિશેષ ઉપસ્થિત રહી ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. આ ઐતિહાસિક સંત સંસદમાં હિન્દુ, બૌધ્ધ, સિખ અને જૈન ધર્મના પ્રતિનિધિઓ એક જ મંચ પર એકત્રિત થશે. વિવિધ ધાર્મિક પરંપરાઓના સંતો અહીં ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક વિરાસત અને વૈશ્વિક શાંતિ જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરશે. આ સંમેલન વિશ્વભરમાં વસતા ભારતીયો અને નવી પેઢીને સંસ્કૃતિ સાથે જોડવા સાથે વિશ્વમાં શાંતિ, ભાઈચારો, માનવતા અને સહઅસ્તિત્વનો સબળ સંદેશ આપશે.

# રાજયની ગ્રાન્ટેડ શાળાઓમાં ૪૦૦૦ ક્લાર્કની ભરતીને મંજૂરી આપવામાં આવી




(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૪

ગુજરાત સરકારે રાજ્યની નોન-ગવર્નમેન્ટ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લાંબા સમયથી ખાલી પડેલી અંદાજિત ૪૦૦૦ જેટલી ક્લાર્કની જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય હેઠળ શાળા સંચાલકો જૂની અને પ્રચલિત પધ્ધતિ મુજબ પોતાના સ્તરે જ નિયમોનું પાલન કરીને ભરતી કરી શકશે.બિન-શૈક્ષણિક કામગીરીનું ભારણ ઘટતાં શિક્ષકો હવે પૂર્ણપણે શૈક્ષણિક કાર્ય પર ધ્યાન આપી શકશે. ક્લાર્કની અછતને કારણે શિક્ષકોને ભણાવવાની સાથે વહીવટી કામો પણ કરવા પડતા હતા. આ નવી ભરતીથી શાળાનું દૈનિક વહીવટી કામકાજ વધુ સુચારુ બનશે. સરકારના આ નિર્ણયથી શિક્ષણ જગત અને શાળા સંચાલક મંડળમાં આનંદનો વ્યાપ થયો છે. સાથે જ રાજ્યના હજારો બેરોજગાર યુવાનો માટે ગ્રાન્ટેડ શાળાઓમાં ક્લાર્ક બનીને રોજગારી મેળવવાની એક સુવર્ણ તક ઊભી થઈ છે.

# ગૂગલ મેપથી મંદિરો શોધી ચોરી કરતી ગરાસિયા ગેંગ પોલીસના હાથે ઝડપાઈ



(એચ.એસ.એલ),મહેસાણા,તા.૪

મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગૂગલ મેપની મદદથી મંદિરો શોધી ચોરી કરતી રાજસ્થાનની ગરાસિયા ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગના સભ્યો મૂર્તિ બનાવવાનું કામ કરતા હતા અને ગૂગલ મેપ પર મંદિરોના ફોટા જોઈ સોના-ચાંદીના દાગીનાનો અંદાજ લગાવતા હતા. ત્યારબાદ મંદિરની મુલાકાત લઈ તક મળતાં ચોરી કરતા હતા. એલસીબીએ વીમા એજન્ટ બનીને પિંડવાડાના પહાડી વિસ્તારમાંથી માહિતી એકઠી કરી પલારામ, લીંબારામ અને લાલારામ ગરાસિયાની ધરપકડ કરી રૂ. ૧.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ દરમિયાન આ ગેંગે ઊંઝા, મોઢેરા સહિત અનેક જિલ્લાઓમાં ચોરી કરી હોવાનું સામે આવ્યું છે.

# વડોદરાની માંજલપુરમાં કોંગ્રેસની હાર થતા સમર્થકે દાઢી-મૂંછ મુંડાવ્યા

વડોદરા,તા.૪

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવારનો વિજય થતાં કોંગ્રેસના સમર્થક મહેન્દ્રસિંહ રાઠોડે પોતાનું વચન પૂરું કર્યું છે. ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે જાહેર દાવો કર્યો હતો કે જો કોંગ્રેસ હારશે તો તેઓ પોતાની દાઢી અને મૂંછ મૂંડાવી નાખશે. પરિણામ આવ્યા બાદ તેમણે એક ક્ષત્રિય તરીકે "પ્રાણ જાય પણ વચન ન જાય"ના સિદ્ધાંતને અનુસરીને પોતાની દાઢી-મૂંછ મૂંડાવી દીધી હતી. તેમણે જણાવ્યું કે દાઢી-મૂંછ ગૌરવનું પ્રતીક છે, પરંતુ આપેલું વચન નિભાવવું એ તેમની પ્રાથમિક ફરજ હતી. ઓછા મતદાનને કારણે કોંગ્રેસની હાર થઈ હોવાનું તેમણે માન્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

# સુરતમાં મિત્રની પત્ની અંગે અભદ્ર ટિપ્પણી કરવા બદલ કરપીણ હત્યા



સુરત,તા.૪


સુરતના પાંડેસરા વિસ્તારમાં પત્ની અંગે મશ્કરી અને અભદ્ર ટિપ્પણી કરવાના મામલે ઉગ્ર ઝઘડો થતાં મિત્રની નિર્દયતાથી હત્યા કરવામાં આવી છે. મન્ટુ રામબિલાશ ઠાકુર નામના યુવક પર લોખંડના પાઈપ વડે માથા અને ચહેરાના ભાગે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ ગંભીર ઘટના અંગે રાજેન્દ્ર યાદવે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચે બાતમી અને ટેકનિકલ માહિતીના આધારે વિજય બહાદુર શ્રીવાસ અને બ્રીજેશ કહાર નામના બે મજૂર આરોપીઓની અટકાયત કરી છે. પૂછપરછ દરમિયાન આરોપીઓએ પોતાનો ગુનો કબૂલ કર્યો છે. હાલમાં પાંડેસરા પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# ધોળકાના બદરખા ગામે ૧૫ દિવસથી ભરાયેલાં પાણીથી ૧૭ પરિવારો બેઘર

અમદાવાદ,તા.૪

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના બદરખા ગામમાં છેલ્લા ૧૫ દિવસથી વરસાદી પાણી ભરાયેલા રહેતાં ભારે હાલાકી સર્જાઈ છે. ગ્રામપંચાયત, હોસ્પિટલ, ડેરી અને પ્રાથમિક શાળા જેવા મુખ્ય વિસ્તારોમાં કમર સુધી પાણી ભરાતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બન્યું છે. ઘરોમાં પાણી ઘૂસી જવાથી ઘરવખરીને મોટું નુકસાન થયું છે, જેના કારણે ૧૭ પરિવારો પોતાનું ઘર છોડીને શાળામાં આશ્રય લેવા મજબૂર બન્યા છે.આશ્રય મેળવનાર પરિવારો માટે ભોજન કે પીવાના પાણીની કોઈ સરકારી વ્યવસ્થા કરવામાં આવી નથી. સ્થાનિકોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો છતાં ધારાસભ્ય, મામલતદાર કે પ્રાંત અધિકારીમાંથી કોઈએ ગામની મુલાકાત લીધી નથી. ગ્રામજનો તાત્કાલિક પાણીનો નિકાલ કરવા, રાશન આપવા અને નુકસાનીનું સર્વે કરી સહાય ચૂકવવાની માંગ કરી રહ્યા છે.

# જામનગરમાં લમ્પી વાયરસની આશંકા: ત્રણ ગાયોમાં લક્ષણો દેખાતાં પશુપાલકોમાં ચિંતા



જામનગર,તા.૪

જામનગર શહેરના રણજીત સાગર માર્ગ નજીક આવેલા જડેશ્વર પાર્ક વિસ્તારમાં ત્રણ ગાયોના શરીર પર ગાંઠો જોવા મળતાં લમ્પી રોગની આશંકા સેવાઈ રહી છે. આ ઘટનાને પગલે સ્થાનિક પશુપાલકોમાં ભારે ચિંતા અને ફફડાટનો માહોલ સર્જાયો છે. પશુ આરોગ્ય વિભાગ દ્વારા ગાયોની તાત્કાલિક તબીબી તપાસ કરીને યોગ્ય સારવાર શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આ ઉપરાંત, સંભવિત સંક્રમણને સમયસર અટકાવવા માટે આસપાસના વિસ્તારોમાં સર્વેક્ષણ હાથ ધરી દવાનો છંટકાવ કરવા વિનંતી કરવામાં આવી છે.પશુ આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર લમ્પી રોગથી ગ્રસ્ત પશુઓમાં શરીર પર ગાંઠો, તીવ્ર તાવ, દૂધ ઉત્પાદનમાં ઘટાડો, પગમાં સોજા અને નાક-આંખમાંથી પ્રવાહી વહેવા જેવાં લક્ષણો જોવા મળે છે. આ રોગ મુખ્યત્વે મચ્છર, માખી, ઈતરડી જેવા જીવજંતુઓ તથા દૂષિત ખોરાક કે પાણી દ્વારા ફેલાય છે. સંક્રમણનું જોખમ ઘટાડવા માટે પશુપાલકોને રહેઠાણમાં સ્વચ્છતા જાળવવા, જીવજંતુ નિયંત્રણ કરવા અને શંકાસ્પદ લક્ષણો જણાતાં અસરગ્રસ્ત પશુને અન્યથી અલગ રાખી ત્વરિત પશુચિકિત્સકનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com